dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 172 | AD - 2025, Fagan Vad- 14 | Friday, Dt.28-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## ભારતીય સેનાની સંરક્ષણ ક્ષમતા વધારવા

# રક્ષા મંત્રાલયે કરી રૂ.૬,૯૦૦ કરોડની ડીલ : ભારત ૩૦૭ હોવિત્ઝર તોપ ખરીદશે

**પહેલીવાર આટલી મોટી સંખ્યામાં તોપ ખરીદવામાં આવી**

નવી દિલ્હી, તા.૨૭

રક્ષા મંત્રાલયે ભારતીય સેનાની સંરક્ષણ ક્ષમતા વધારવા માટે બુધવારે ૬,૯૦૦ કરોડ રૂપિયાની ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત, હવે ૩૦૭ એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ (ATAGS) એટલે કે હોવિત્ઝર તોપ ખરીદવામાં આવશે. આ પહેલી વાર છે કે આટલી મોટી સંખ્યામાં સ્વદેશી તોપ ખરીદવામાં આવી રહી છે. આ ડીલ ભારત ફોર્જ અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ સાથે કરવામાં આવી છે. આમાં, ભારત ફોર્જ ૬૦% તોપનું ઉત્પાદન કરશે, જ્યારે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ૪૦% પ્રોડક્શન કરશે. તેના નામ એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ પરથી સ્પષ્ટ થાય છે કે, તે ટોવ્ડ ગન એટલે કે ટ્રક દ્વારા ખેંચાતી તોપ છે. જોકે, આ ગોળો ફાયર કર્યા પછી, બોફોર્સની જેમ, તે પોતાની મેળે થોડી દૂર જઈ શકે છે. આ તોપનું કેલિબર ૧૫૫ મીમી છે. આનો અર્થ એ થયો કે આ આધુનિક તોપમાંથી ૧૫૫ મીમીના ગોળા ફાયર કરી શકાય છે. ATAGS ને હોવિત્ઝર તરીકે પણ ઓળખવામાં આવે છે. હોવિત્ઝર નાની તોપ છે. ખરેખર, બીજા વિશ્વયુદ્ધ અને તે પછી પણ યુદ્ધમાં મોટી અને ભારે તોપનો ઉપયોગ થતો હતો. તેમને દુર સુધી લઈ જવામાં અને ઊંચાઈએ તહેનાત કરવામાં ઘણી મુશ્કેલીઓ હતી. આવી સ્થિતિમાં, હલકી અને નાની તોપ બનાવવામાં આવી, જેને હોવિત્ઝર કહેવામાં આવી. આ તોપ DRDOની પુણે ખાતેની લેબ ARDE દ્વારા ભારત ફોર્જ



લિમિટેડ, મહિન્દ્રા ડિફેન્સ નેવલ સિસ્ટમ્સ, ટાટા પાવર સ્ટ્રેટેજિક અને ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડના સહયોગથી વિકસાવવામાં આવી છે. તેનું ડેવલપમેન્ટનું કાર્ય ૨૦૧૩માં શરૂ થયું હતું અને પ્રથમ સફળ પરીક્ષણ ૧૪ જુલાઈ ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ તોપનો ઉપયોગ અને સુવિધાઓ બોફોર્સ તોપ જેવી જ છે, તેથી તેને દેશી બોફોર્સ પણ કહેવામાં આવે છે. સેનાની તાકાત વધારવા માટે અન્ય હાલની ડીલ ડિસેમ્બર ૨૦૨૩માં સંરક્ષણ મંત્રાલયે ૭,૬૨૯ કરોડ રૂપિયામાં ૧૦૦ K-૯ વજ્ર-ટી સેલ્ફ-પ્રોપેલ્ડ ગન ખરીદવા માટે L&T અને દક્ષિણ કોરિયાના હનવા ડિફેન્સ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. અને ફેબ્રુઆરી ૨૦૨૪માં મંત્રાલયે સેનાની પિનાકા મલ્ટી-લોન્ચ આર્ટિલરી રોકેટ સિસ્ટમને મજબૂત બનાવવા માટે ૧૦,૧૪૭ કરોડ રૂપિયાના ખર્ચે ૪૫ કિમી રેન્જના હાઈ-એક્સપ્લોઝિવ રોકેટ અને ૩૭ કિમી રેન્જ એરિયા ડેનાઈલ મ્યુનિશન માટે ડીલ કરી હતી. રશિયા-યુક્રેન યુદ્ધમાંથી બોધપાઠ લઈને, ભારતીય સેના સતત તેનો ફાયરપાવર વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ATAGS ડીલ માત્ર ભારતીય સેનાને મજબૂત બનાવશે નહીં પરંતુ સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનને પણ નવી ઊંચાઈઓ પર લઈ જશે. ભારતને ૨૦૨૫ના એન્ડ સુધીમાં S-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમની ચોથી સ્ક્વોડ્રન મળી શકે છે. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ મુજબ, S-૪૦૦ સ્ક્વોડ્રન ડિસેમ્બર સુધીમાં ભારતમાં આવી જશે. પાંચમી અને અંતિમ સ્ક્વોડ્રન ૨૦૨૬માં મળવાની ધારણા છે. ૨૦૧૮માં, ભારત અને રશિયા વચ્ચે S-૪૦૦ ની પાંચ સ્ક્વોડ્રન માટે ૩૫ હજાર કરોડ રૂપિયાની ડીલ ફાઈનલ થઈ હતી. આમાંથી ૩ સ્ક્વોડ્રન ચીન અને પાકિસ્તાન સરહદ પર તહેનાત છે. ૨ હજુ મળવાની બાકી છે.

## કેન્દ્ર સરકારે બેન્કિંગ કાયદાને મંજૂરી આપી

# ખાતેદાર ચાલુ-બચત ખાતુ, એફડી, લોકર એકાઉન્ટ માટે ચાર નોમિની રાખી શકશે

નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકારે સંસદમાં બેન્કિંગ કાયદો (સંશોધન) બિલ, ૨૦૨૪ને મંજૂરી આપી છે. આ નવા સુધારેલા કાયદા હેઠળ હવે બેન્કના ખાતેદારો ચાલુ-બચત, એફડી તથા લોકર એકાઉન્ટ માટે ચાર નોમિની રાખી શકશે. ડિસેમ્બર, ૨૦૨૪માં લોકસભામાં મંજૂરી બાદ આજે રાજ્યસભામાં પણ તેને મંજૂરી આપવામાં આવી છે. આ બિલમાં એક મોટો ફેરફાર 'substantial interest'ની વ્યાખ્યામાં પણ કરવામાં આવ્યો છે. જેથી હવે substantial interest કેટેગરીમાં રોકાણ મર્યાદા પાંચ લાખથી વધારી હવે બે કરોડ કરવામાં આવી છે. હવે ખાતેદારો પોતાના એકાઉન્ટના નોમિની બે રીતથી પસંદ કરી શકશે. જેમાં એક ટકાવારીના ધોરણે નોમિની પસંદ કરવાની રીત અને બીજી ક્રમિક ધોરણે નોમિની પસંદ કરવાની રીત સામેલ છે.



એક સાથે નોમિની પસંદ કરવાની રીતમાં ખાતેદારે પસંદ કરેલા ચાર નોમિનીને પોતાના બેન્ક બેલેન્સનો હિસ્સો ટકાવારીના ધોરણે વહેંચી શકશે. ટકાવારીના આધારે ખાતેદારના મૃત્યુ બાદ નોમિનીને જમા રકમ મળશે. જ્યારે બીજી રીતમાં ચાર નોમિનીના નામ ક્રમાનુસાર લખવાના રહેશે. જેથી ખાતેદારના મૃત્યુ બાદ પ્રથમ નોમિનીને મૃતકનું બેન્ક ખાતું સોંપવામાં આવશે. બીજા નોમિનીને પ્રથમ નોમિનીના મૃત્યુ બાદ બેન્કમાં જમા રકમનો હિસ્સો મળશે. બેન્ક લોકરના કિસ્સામાં ચાર નોમિનીની પસંદગી માત્ર ક્રમિક ધોરણે જ કરવામાં આવશે. જેમાં ટકાવારીના ધોરણે નોમિનીને હિસ્સો વહેંચી શકાશે નહીં. આ બેન્કિંગ કાયદો (સંશોધન) બિલ, ૨૦૨૪ને બંને ગૃહમાં મંજૂરી મળી ચૂકી છે. હવે રાષ્ટ્રપતિ તેના પર અંતિમ નિર્ણય લેશે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદથી આ કાયદો અમલી બનશે. નવા બિલ હેઠળ સહકારી બેન્કોના ડિરેક્ટર્સનો કાર્યકાળ આઠ વર્ષથી વધારી દસ વર્ષ કરવામાં આવ્યો છે. જેનાથી ૨૦૧૧માં થયેલા ૯૭માં સંશોધન અધિનિયમમાં ફેરફાર થયો છે. હવે કોઈપણ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્કના ડિરેક્ટરને સ્ટેટ કો-ઓપરેટિવ બેન્કના બોર્ડમાં સેવા આપવાની છૂટ મળશે.

**ચાર નોમિની બેન્ક બેલેન્સનો હિસ્સો ટકાવારીના ધોરણે વહેંચી શકશે**




# ભારત અને ચીન ફરીથી પોતાના સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે : વિદેશ મંત્રી એસ.જયશંકર

ન્યુ દિલ્હી,તા.૨૭



વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું છે કે ભારત અને ચીન ફરીથી પોતાના સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. તણાવપૂર્ણ સંબંધ કોઈના માટે પણ ફાયદાકારક નથી. ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં જે બન્યું તે સમસ્યાઓ ઉકેલવાનો માર્ગ નહોતો. જયશંકરે બુધવારે થિંક ટેન્ક એશિયા સોસાયટીના એક ઈન્ટરેક્ટિવ સત્રમાં હાજરી આપી હતી. વિદેશ મંત્રીએ કહ્યું કે અમે જાણીએ છીએ કે ભવિષ્યમાં પણ ભારત અને ચીન વચ્ચે મતભેદો હોઈ શકે છે, પરંતુ તેમને સંઘર્ષમાં પડ્યા વિના અન્ય રીતે ઉકેલી શકાય છે. ગલવાન ઘાટીમાં થયેલી અથડામણનો ઉલ્લેખ કરતા વિદેશ મંત્રીએ કહ્યું કે ૨૦૨૦માં જે બન્યું તે ખરેખર ખૂબ જ પીડાદાયક હતું. તે માત્ર સંઘર્ષ નહોતો, પરંતુ લેખિત કરારોની અવગણના કરવામાં આવી હતી. એવું નથી કે મુદ્દો સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે, અમે હજુ પણ ઘટના સાથે સંબંધિત કેટલીક બાબતો પર કામ કરી રહ્યા છીએ. વિદેશ મંત્રીએ કહ્યું કે આપણે ઘણા મુદ્દાઓ પર હરિફાઈ કરીએ છીએ, પરંતુ આપણે આ માટે લડવું જોઈએ નહીં. બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો કોઈપણ પક્ષના હિતમાં નથી કારણ કે જો સરહદ પર શાંતિ ડહોળાય છે, ત્યારે બીજા સંબંધો પણ બગડે છે. ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું કે અમને લાગે છે કે ઓક્ટોબર ૨૦૨૪ થી સંબંધોમાં થોડો સુધારો થયો છે. અમે તેના પર કામ કરી રહ્યા છીએ. હું ચીનના વિદેશ મંત્રીને ઘણી વખત મળ્યો છું અને મારા સાથીદારો પણ મળ્યા છે. અમે ૨૦૨૦ માં થયેલા નુકસાનની ભરપાઈ કરી શકીએ છીએ કે કેમ તે જોવા માટે તબક્કાવાર પ્રયાસ કરી રહ્યા છીએ. પૂર્વ લદાખમાં સરહદ વિવાદને લઈને ભારત અને ચીન વચ્ચે ચાર વર્ષથી તણાવ ચાલી રહ્યો હતો. બે વર્ષની લાંબી વાટાઘાટો પછી, આ વર્ષે ઓક્ટોબરમાં બંને દેશો વચ્ચે એક કરાર થયો હતો, ત્યારબાદ ૨૧ ઓક્ટોબરે બંને દેશોની સેનાઓએ દેપસાંગ અને ડેમચોકથી પીછેહઠ કરી હતી. આ પછી, ૨૫ ઓક્ટોબરે, બંને દેશોની સેનાઓ પૂર્વી લદાખથી પાછળ હટી ગઈ. કરાર મુજબ, બંને સેનાઓ એપ્રિલ ૨૦૨૦થી તેમની પહેલાની સ્થિતિ પર પાછી ફરી છે. સેના હવે એ જ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી છે જ્યાં તે એપ્રિલ ૨૦૨૦ પહેલા કરતી હતી. આ ઉપરાંત, કમાન્ડર સ્તરની બેઠક હજુ પણ ચાલુ છે.









**ઇફ્કોનાં ચેરમેન દિલીપભાઇ સંઘાણીનાં અધ્યક્ષ સ્થાને**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રા.શાળાના બાળકોને ટેબ્લેટ વિતરણ

અમરેલી,તા.૨૭

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ - અમરેલી સંચાલિત ત્રણ શાળાઓમાં બાળકોને અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ડીઝીટલ શિક્ષણ મેળવી શકે તે માટે ધો.૭ ના બાળકોને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે ટેબ્લેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની સાથે બાળકો દ્વારા અલગ-અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દિલીપભાઈ સંઘાણીએ સરકારી શાળામાં બાળકોની આ પ્રવૃત્તિઓથી અભિભુત થઈ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, વાઈસ ચેરમેન ડી.સી.ગોલ, શાસનાધિકારી આશિષ જોષી, નગર શિક્ષણ સમિતિની ટીમ તથા શાળાના



આચાર્ય અર્ચનાબેન ભટ્ટ, મયુરભાઈ ગોહિલ, દિનેશભાઈ વ્યાસ તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા સાથોસાથ વિદ્યાર્થીઓને ઈનામો



આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પાનસુરીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકા ઉપપ્રમુખ બિનાબેન કાલેણા, અમરેલી શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ માંગરોળિયા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ પ્રતિનિધિ ધીરૂભાઈ વાળા, સી.આર.સી, રજનીભાઈ સોલંકી, અશ્વિનભાઈ ચાવડા તથા એસ.એમ.સી.ના સભ્યો અને વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. રોકડીયાપારા પ્રા.શાળામાં એક વર્ષ પહેલા દિલીપભાઈ સંઘાણીએ એક ગીતનું સૂચન કરેલ તે ગીત આ વર્ષના કાર્યક્રમમાં રજૂ કર્યુ હતું. આ શાળા દિલીપભાઈ સંઘાણીની દત્તક શાળા હોય બાળકોને જે જરૂરીયાત હોય તે પૂરી પાડી અને પ્રોત્સાહિત કર્યા હતા. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ કચેરીમાંથી સંદિપ વામજાની યાદી જણાવે છે.

## અમરેલી : અનુકંપા ફાઉન્ડેશન દ્વારા વડીલોને વિનામૂલ્યે સોમનાથ-દ્વારકા યાત્રા

અમરેલી, તા.૨૭

અમરેલીમાં ડો. ભરત કાનાબારના માર્ગદર્શન હેઠળ કાર્યરત અનુકંપા ફાઉન્ડેશન દ્વારા દર મહિને ૫૦ જેટલા વડીલોને ત્રણ દિવસની સોમનાથ-પોરબંદર-દ્વારકાની વિનામૂલ્યે યાત્રા કરાવશે. એપ્રિલ મહિનાના બીજા અઠવાડિયાથી આ યાત્રાનો પ્રારંભ થશે. યાત્રામાં ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા વડીલો ભાગ લઈ શકશે. પતિ-પત્નીના કિસ્સામાં, જો એક વ્યક્તિની ઉંમર ૬૦ વર્ષથી વધુ હશે તો પણ તેઓ સાથે જઈ શકશે. યાત્રામાં ભાગ લેવા માટે આધાર કાર્ડની ઝેરોક્ષ અને ફોટોગ્રાફ સાથે ભીખુભાઈ અગ્રાવત ૯૪૦૮૮ ૪૭૪૩૪, ચેતનભાઈ રાવળ ૯૫૭૪૦ ૯૫૪૪૪, નયનભાઈ જોષી (બેદી) ૯૪૨૮૭ ૯૫૧૫૧, કમલેશભાઈ ગરાણીયા ૯૮૭૯૫ ૯૪૩૦૨ વ્યક્તિઓનો સંપર્ક કરીને નામ નોંધાવવું પડશે.

## નાના લીલીયા ખાતે સ્વ. દાસભાઈ માળવીયા પરિવાર દ્વારા ઈફ્તાર પાર્ટીનું આયોજન

નાના લીલીયા, તા.૨૭

નાના લીલીયા ખાતે સ્વ. દાસભાઈ માળવીયા પરિવાર દ્વારા ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. દાસભાઈના અવસાન બાદ પણ તેમના પરિવારે આ પરંપરા જાળવી રાખી છે. રમજાન માસના આ પવિત્ર અવસરે, હિન્દુ-મુસ્લિમ એકતાનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું



હતું. આ ઈફ્તાર પાર્ટીમાં નાના લીલીયાના સરપંચ અરવિંદભાઈ માળવીયા, મનજીભાઈ ડોબરીયા, બાલુઆતા સોજીત્રા, પૂજારી પુરી, દિનેશભાઈ સળખણા, વલીભાઈ માસ્તર, અબ્દુલભાઈ, દિલાવર ભાઈ અને મુસ્લિમ સમાજના યુવાનોએ હાજરી આપી હતી. મુસ્લિમ સમાજના ધર્મગુરુઓ મમદબાપુ અને આદિલબાપુની અધ્યક્ષતામાં યોજાયેલ જેમાં કોમી એકતા અને ભાઈચારાની ભાવના જોવા મળી હતી.

## અમરેલીમાં ફાયર વિભાગની ટીમે લિફ્ટમાં ફસાયેલા વૃદ્ધનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું

અમરેલી, તા.૨૬

અમરેલી ફાયર વિભાગે અમરેલી શહેરના માણેકપરા વિસ્તારમાં જય જલારામ કોમ્પ્લેક્સમાં આવેલી ઈ લાઈટ હોસ્પિટલની લિફ્ટમાં ફસાયેલા એક વૃદ્ધ વ્યક્તિનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. અમરેલી ફાયર કંટ્રોલ રૂમને આ ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર



ઈમરજન્સી સર્વિસની ટીમ રેસ્ક્યુ વાહન સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તેમણે માત્ર ૫ મિનિટમાં વૃદ્ધ વ્યક્તિને સલામત રીતે લિફ્ટમાંથી બહાર કાઢ્યા હતા.

## વિકટર ગામે વિદ્યા શિખર સંસ્થાએ જવાહર નવોદય પરીક્ષામાં બે વિદ્યાર્થીઓને સફળતા અપાવી

રાજુલા, તા.૨૭

રાજુલા તાલુકાનાં વિકટર ગામમાં આવેલી વિદ્યા શિખર સંસ્થાએ જવાહર નવોદય પરીક્ષામાં બે વિદ્યાર્થીઓને સફળતા અપાવી છે. આ સંસ્થા છેલ્લા સાત વર્ષથી વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ આપીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવે છે. વિદ્યા શિખર સંસ્થા, જે



દ્વારકેશ હોસ્પિટલના પરિસરમાં ચાલે છે, ત્યાંથી ગુજરીયા તનવીર મનુભાઈ અને દક્ષ શૈલેષભાઈ પરમાર - પીપાવાવ ધામ નામના બે વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં સફળ થયા છે. આ સંસ્થામાં શૈલેષભાઈ રાઠોડ અને મનોજભાઈ રાઠોડ ૮૦ જેટલા વિદ્યાર્થીઓને નવોદયનું શિક્ષણ આપે છે. આ વિદ્યાર્થીઓએ તેમના માતાપિતા, ગામ અને વિદ્યા શિખર સંસ્થાનું ગૌરવ વધાર્યું છે, જેના માટે તેઓ અભિનંદનને પાત્ર છે.

## અમરેલીજિલ્લાનીશાળાઓના સમયમાં ફેરફાર કરવાની માંગ



અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ હોય ત્યારે પ્રાથમિક શાળાનો સમય બપોરના ૧૧થી ૫ નો હોવાથી બાળકોને ભારે ગરમીનો સામનો કરવો પડે છે. બાળકના હિતને ધ્યાને લઈ શાળાનો સમય વહેલી સવારનો કરવામાં આવે તે માટે વાલીઓએ માંગ કરી છે.

## બાગાયત પાક નિષ્ફળ જતા ખેડૂતોને સહાય આપવા માંગ

**જે.વી. કાકડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી**



અમરેલી,તા.૨૭

સમગ્ર રાજયમાં વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોને ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. ખેડૂતોએ હોંશે હોંશે કેરી સહિતના બાગાયત પાકનું વાવેતર કર્યુ હતું. જો કે છેલ્લાં દિવસોમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોને આંબામાં આવેલા મોર બળી જતા ખેડૂતોને આર્થિક નુકસાની સહન કરવી પડતી હોવાથી આ બાબતે ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ સૌરાષ્ટ્રના ખેડૂતોને બાગાયતનો પાક સાવ નિષ્ફળ ગયો હોય જેથી વળતર પેટે સહાય ચુકવવામાં આવે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

## અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં ૩૪મો વાર્ષિકોત્સવ ઉજવાયો

અમરેલી, તા.૨૭

અમરેલીની માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ દ્વારા તાજેતરમાં કોલેજના ઓડિટોરિયમમાં ૩૪મા વાર્ષિકોત્સવ 'સ્પંદન'નું આયોજન કરાયું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓ કે જેમણે મેરીટ, રમતગમત, N.C.C., N.S.S



તથા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી હોય તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા વિદ્યાસભાના નવનિયુક્ત કેમ્પસ ડાયરેક્ટર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ.ગિરીશભાઈ ભીમાણી, ચતુરભાઈ ખૂંટ, વસંતભાઈ પેથાણી, લલાડિયાભાઈ તેમજ નિલેશભાઈ પાઠક ઉપસ્થિત રહ્યા હતા.

## વડીયા શહેરમાં આંગણવાડી કેન્દ્ર નં.૧૦૬ ખાતે પોષણ પખવાડિયાની ઉત્સાહભેર ઉજવણી

વડિયા, તા.૨૭

વડીયા શહેરમાં આંગણવાડી કેન્દ્ર નંબર ૧૦૬ ખાતે પોષણ પખવાડિયાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડીયા શહેરના આંગણવાડી કેન્દ્ર નંબર ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૮, ૯૦ અને ૧૦૬ની વર્કર અને હેલ્પર બહેનોએ ભાગ લીધો હતો.



આંગણવાડી બહેનોએ કઠોળની રંગોળી બનાવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. સગર્ભા અને ધાત્રી માતાઓ અને કિશોરીઓને પોષણયુક્ત પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આ પેકેટમાંથી પોષણયુક્ત વાનગીઓ બનાવવાની સલાહ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આંગણવાડી વર્કર બહેનો, સુપરવાઈઝર બહેનો, કિશોરીઓ, વાલીઓ અને બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દ્વારા પોષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯



# દામનગર શહેરની જર્જરિત સરકારી ઈમારતો ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિ

**અકસ્માત થાય તે પહેલા ઈમારતોની મરામત કરવાની માંગ ઉઠી**



અમરેલી,તા.૨૭

દામનગર શહેરના મધ્યમાં આવેલી ૧૩૫ વર્ષ જૂની સરકારી ઈમારતો આજે પડવા વાંકે ઉભી છે. આ ઈમારતોની પાછળ આવેલી સરકારી વસાહતો પણ ખંડેર બની ગઈ છે. સત્તાધીશો નવાં વિકાસકામોમાં વ્યસ્ત છે, પરંતુ આ ઐતિહાસિક ઈમારતોની જાળવણી પ્રત્યે દુર્લક્ષ સેવી રહ્યા છે. આ ઈમારતોની હાલત સુધારવા માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યાં નથી. સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે. આ ઈમારતો ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિમાં છે, જેના કારણે કોઈ વ્યક્તિ કે પશુનો ભોગ લેવાય તેવી શક્યતા છે. સત્તાધીશોએ કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં આ અંગે યોગ્ય પગલાં લેવાં જરૂરી છે. આ ઈમારતોનું સમારકામ કરવું અથવા તો તેને તોડીને નવી ઈમારતો બનાવવી જોઈએ, જેથી લોકોની સુરક્ષા થઈ શકે. આ ઐતિહાસિક ઈમારતો દામનગર શહેરની ઓળખ છે. તેમની જાળવણી કરવાની પાલિકાની ફરજ છે. સત્તાધીશોએ આ અંગે તાત્કાલિક ધ્યાન આપીને યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

# ગુજરાતમાં સ્થપાશે દેશનું પ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય: દિલીપભાઈ સંઘાણીનો આવકાર

અમરેલી, તા.૨૭

ભારત સરકાર દ્વારા એક ક્રાંતિકારી પગલું લેવામાં આવ્યું છે, જેમાં દેશનું પ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય ગુજરાતમાં સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિશ્વવિદ્યાલયનું નામ ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય રાખવામાં આવ્યું છે, જે સહકારી ક્ષેત્રના પ્રણેતા ત્રિભુવનદાસ પટેલના નામ પરથી રાખવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી



અને સહકાર મંત્રી અમિત શાહના નેતૃત્વમાં લેવાયેલા આ નિર્ણયને રાષ્ટ્રીય સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણીએ આવકાર્યો છે. તેમણે જણાવ્યું કે, આઝાદીના ૭૫ વર્ષ પછી પણ સહકારીતાને જે મહત્વ મળવું જોઈએ તે મળ્યું ન હતું. પરંતુ, પ્રધાનમંત્રી મોદીએ "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને સાકાર કરવા માટે અલગ સહકારી મંત્રાલયની રચના કરીને અમિત શાહ જેવા સક્ષમ નેતૃત્વને તેની જવાબદારી સોંપી છે. આ વિશ્વવિદ્યાલયની સ્થાપનાથી ગુજરાતનું ગૌરવ દેશ-વિદેશમાં વધશે. સંઘાણીએ વધુમાં ઉમેર્યું કે, સહકારીતાએ દેશના દરેક પરિવારને જોડવાનું કામ કર્યું છે. ગ્રામીણ અર્થવ્યવસ્થા, સ્વરોજગાર, નાના જમીન ધારકોનો વિકાસ, પશુપાલન, મત્સ્યઉદ્યોગ સહિત તમામ ક્ષેત્રોમાં સહકારીતા મહત્વની ભૂમિકા ભજવે છે.

# સાવરકુંડલામાં ઉતાવળા હનુમાન મંદિર ખાતે સર્વ રોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૭



તા.૨૬-૩-૨૫ના રોજ નિયામક-આયુષની કચેરી - ગુજરાત રાજ્ય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલીના માર્ગદર્શન તથા ડો. હેડગેવાર સેવા સમિતિના સહયોગથી સ. આ. દ. ધારગણી દ્વારા શ્રી ઉતાવળા હનુમાન મંદિર, સાવરકુંડલા ખાતે સર્વ રોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિદાન કેમ્પમાં સારવાર સાથે લોકોને દિનચર્યા તથા ઋતુચર્યા તથા ઋતુજન્ય રોગચાળાથી બચવાના ઉપાયો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ૧૮ મા આયુર્વેદિક કેમ્પમાં બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધેલ હતો.

# અમરેલી કડવા પાટીદાર સંગઠનની બેઠક, સમાજની એકતા અને વિકાસ પર ભાર

અમરેલી, તા.૨૭

અમરેલી શહેર કડવા પાટીદાર સંગઠન સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ હિંમત ઈન્ડસ્ટ્રીઝ ખાતે યોજાઈ હતી. સમાજમાં એકતા, જાગૃતિ અને ચેતના લાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ બેઠકમાં સમાજના વિકાસ માટે વિવિધ યોજનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં સામાજિક આગેવાન સ્વ. તુલસીભાઈ સરખેદીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ઉમિયા



માતાજી સંસ્થાન-ઊંઝાની કારોબારી સભાના સભ્ય વજુભાઈ ગોલ, સહકારી ગ્રામીણ વિકાસ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રાગજીભાઈ કાલરીયા અને અમરેલી તાલુકા સંગઠન સમિતિના પ્રમુખ બાલુભાઈ માતરીયાનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. સંગઠન સમિતિ સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ વજુભાઈ ગોલે સંગઠન યોજનાઓનું માર્ગદર્શન આપ્યું હતું. ઈન્ડિયન પોસ્ટ દ્વારા આયોજિત પત્ર લેખન સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજ્યમાં બીજું સ્થાન મેળવનાર જય ગોલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. બેઠકનું સંચાલન એમ.એમ. પટેલે કર્યું હતું અને આભારવિધિ રાજુભાઈ સરખેદીએ કરી હતી.

# અર્હમ યુવા સેવા ગ્રૂપ દ્વારા પારસધામ લાઠીમાં એમ્બ્યુલન્સનું લોકાર્પણ

લાઠી, તા.૨૭



રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા લાઠીના પારસધામ ખાતે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રુપના સભ્યો અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં ગ્રુપના સભ્યોએ જણાવ્યું હતું કે લાઠીમાં આરોગ્ય ક્ષેત્રે એક વધુ સુવિધા આપવા બદલ દાતાઓ દિલેશભાઈ ભાયાણી, અનિલભાઈ ભાયાણી, મનીષભાઈ કામાણી અને ભાવિનભાઈ ભાયાણી સહિતનાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ આંતર કોલેજ રોડ સાયકલીંગ સ્પર્ધામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા-સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ-અમરેલીની વિદ્યાર્થિનીઓ રંગપરા રીંકલ ઘનશ્યામભાઈ, જોગીશા રૂબીના અબુભાઈ, સિંધવ કીર્તિ કાળુભાઈ અને સિંધવ જાગુ વાલાભાઈએ તા.૨૦/૦૩/૨૦૨૫ના રોજ જામનગર ખાતે



યોજાયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતરકોલેજ 'રોડ સાયકલિંગ' સ્પર્ધામાં ટીમ ચેમ્પિયનશીપમાં ત્રીજું સ્થાન મેળવીને કોલેજનું નામ રોશન કર્યું છે.

આ ટીમમાંથી રંગપરા રીંકલ ઘનશ્યામભાઈ રાષ્ટ્રીય રોડ સાયકલિંગ સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. કાર્યકારી પ્રિન્સિપાલ ડૉ.વેલિયાત, ડૉ. જયશ્રીબેન મકવાણા, કોલેજનો સ્ટાફ, વિદ્યાર્થિનીઓ અને ટ્રસ્ટીઓએ સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાવરકુંડલામાં ચોરીનાં મોબાઈલ સાથે બે શખ્સની ધરપકડ કરાઈ


સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલામાં જુદા જુદા બે સ્થળેથી મોબાઈલની ચોરી કરનાર બે શખ્સને એલસીબીએ ઝડપી લીધા હતા. તેમની પાસેથી રૂપિયા ૪૪,૬૫૪નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. ઝડપાયેલા બંને ઈસમ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સાવરકુંડલા ટાઉન અને સાવરકુંડલા રૂરલ પોલીસ





મથકમાં મોબાઈલ ચોરી થયાની ઈ-એફઆઈઆર નોંધાઈ હતી. ત્યારે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે ઈ-એફઆરઆઈનો ભેદ ઉકેલવા માટે માર્ગદર્શન આપ્યું હતું. એલસીબી પીઆઈ વી.એમ. કોલાદરાની રાહબરી નીચે ટીમે સાવરકુંડલાના શિવાજીનગરમાં રહેતા કાર્તિક હેમાંશુભાઈ જોષી અને ગાધકડામાં રહેતા મનસુખ ભીખાભાઈ રાઠોડને ચોરીના મોબાઈલ સાથે ઝડપી લીધા હતા. એલસીબીએ રૂપિયા ૧૮,૬૩૫ અને રૂપિયા ૨૬૦૧૯ની કિંમતના બે મોબાઈલ મળી કુલ રૂપિયા ૪૪,૬૫૪નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલા બંને શખ્સો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.




## અવસાન નોંધ

**ચલાલા**

ચલાલાના વતની અને હાલ અમરેલી રહેતા નીરૂબેન કિશોરભાઈ મકવાણા (ઉ.વ.૫૪નું તા.૨૫/૦૩/૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. તે કિશોરભાઈ દુલ્લભજીભાઇ મકવાણાના પત્ની થાય છે. તેમનું સદ્‌ગતનું બેસણું તા.૨૮/૩/૨૦૨૫ને શુક્રવારના રોજ સાંજના ૪થી ૬ કલાક સુધી લુહાર જ્ઞાતીની વાડીમાં ચલાલા રાખેલ છે.

**કોડીનાર**

સાસણ નિવાસી રસીકલાલ તુલસીદાસ કાચેલા (ઉ.વ.૭૧) તે અમૃતલાલભાઇ, હિંમતલાલ અને દિલીપભાઈના ભાઈ તેમજ સુનીલભાઈ, કિરણબેન, આનંદીબેન, જગુબેન, પૂજાબેન તથા સોનલબેનના પિતા તેમજ સ્વ.મનસુખલાલ નાનજીભાઈ (વેરાવળ)ના બનેવી તેમજ વિનોદભાઈ, દીપભાઈ અને વિરેન્દ્રભાઈના ફુવાનું તા.૨૫ના અવસાન થયું છે.

**ચલાલા**

નરેન્દ્રભાઈ લાભુભાઇ રૂપારેલીયા તે ઉદયભાઈના પિતાશ્રી તેમજ વિનુભાઇ, નવલભાઇ, હરેશભાઈ તથા ભાનુબહેન જયંતિલાલ ખીમાણી અને જયોતીબહેન હિતેશકુમાર કારીયાના ભાઈનું અવસાન તા.૨૭/૩, ગુરૂવારે થયેલ છે. તેમનું સદ્‌ગતનું ઉઠમણુ તેમજ પીયર પક્ષની સાદડી સાથે તા. ૨૯/૩, શનિવારે સાંજના ૪ થી ૬ કલાક સુધી રૂપારેલીયા પરિવારની વાડી દેવળા રાખેલ છે.

**સાવરકુંડલા**

પ્રવિણાબેન દિલીપભાઈ ડોડીયા (ઉ.વ.૪૮)નું તા.૨૪/૩/૨૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે દિલીપભાઈ પ્રાગજીભાઈ ડોડીયાના પત્ની થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૨૮/૩/૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે ચંદુભાઈ ડોડીયાના નિવાસ સ્થાન શ્રમજીવી નગર રેલ્વે ફાટકની પાછળ રામાપીરના મંદિરની આગળ સાવરકુંડલા ખાતે રાખેલ છે .

**સાવરકુંડલા**

જેન્તીભાઈ મીઠાભાઈ ઉનાવા (ઉ.વ.૬૮)નું તા.૨૬/૩/૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે હસુભાઇ જેન્તીભાઈ ઉનાવા, સ્વ.ડો.જસભાઇ જેન્તીભાઈ ઉનાવા, નિકુલભાઇ જેન્તીભાઇ ઉનાવાના પિતાશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૨૮/૩/૨૫ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૭ કલાકે અમારા નિવાસ સ્થાન શ્રધ્ધા સોસાયટી જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. બગસરા**

**જાહેર નિવિદા**

આથી શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી. બગસરાને ફર્નિચરની કામગીરી માટે નીચે મુજબની વિગતે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામ નું નામ : ફર્નિચર વર્ક ઈન ન્યુ બિલ્ડીંગ ઓફ શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી., એટ બગસરા

| | |
|---|---|
| અંદાજીત રકમ : રૂા.૮૬.૭૫ લાખ<br>ઈ.એમ.ડી. : રૂા.૮૬,૭૫૦–૦૦ | ટેન્ડર ફી : રૂા. ૨,૪૦૦-૦૦<br>કામની સમય મર્યાદા : ૪- માસ |
| ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા. ૦૫/૦૪/૨૦૨૫ સમય ૧૮:૦૦ કલાક સુધી |
| ફીઝીકલ સમબીશનની તારીખ | તા.૦૯/૦૪/૨૦૨૫, ૧૫:૦૦કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ | તા.૦૯/૦૪/૨૦૨૫, ૧૭:૦૦ કલાકે |
| વેબસાઈટનું નામ | www.nprocure.com |

ઉપરોકત કામો અંગે વિગતવાર માહિતિ ટેન્ડરમાં આપવામાં આવેલ છે તેમજ વધારે માહિતિ માટે રજાના દિવસો સિવાય શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી., બગસરા ખાતે સંપર્ક કરવો.

**નોંધ** : આવેલ ટેન્ડર ભાવ મંજુર/નામંજુર કરવા, ટેન્ડર રદ કરવા વગેરે તમામ અધિકાર મંડળીને અબાધિત રહેશે.

**(એ. આર. હિરપરા)** મેનેજર

**(કે. ડી. નળીયાધરા)** ચેરમેન

શ્રી સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી., બગસરા

**નિત્યા સ્કીન કિલનીક**

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

**ઉપલબ્ધ સારવાર**

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

**ઉપલબ્ધ સારવાર**

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**ચાવંડના શખ્સ પાસેથી મુદ્દામાલ રીકવર કર્યો**

# રાધનપુરથી કાર ચોરી ચાવંડ આવેલા શખ્સને ઝડપી પાડતી લાઠી પોલીસ

**પોલીસે રૂા.૩૨ લાખની કાર કબજે કરી, આરોપીને રાધનપુર પોલીસને સોંપ્યો**



અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અન્ય જિલ્લામાં ગુનો આચરી આંટાફેરા કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ચાવંડનો એક શખ્સ રાધનપુર વિસ્તારમાંથી કારની ચોરી કરી ચાવંડ આવતો હોવાની લાઠી પોલીસને બાતમી મળતા લાઠી પોલીસે આ શખ્સને કારના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો. રાધનપુર પોલીસ સ્ટેશનમાં કાર ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં લાઠી પોલીસના તાબામાં આવતા ચાવંડ ગામે રહેતા કિશન કાથડભાઈ ડેરને ચોરી કરેલ ફોર્ડ કંપનીની એન્ડોવર કાર કિં.રૂ.૩૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયો હતો

# બાબરા નગરપાલિકાનું રૂ.૩૭ કરોડનું વિકાસલક્ષી બજેટ મંજૂર

**શહેરના વિકાસ માટે નવીનીકરણ, રસ્તાઓ, ગટર વ્યવસ્થા અને અન્ય સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ**

બાબરા,તા.૨૭

બાબરા નગરપાલિકાએ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે ૩૭ કરોડ રૂપિયાનું પુરાંતવાળું બજેટ સર્વાનુમતે મંજૂર કર્યું છે. નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ માટે આ બજેટને મંજૂરી આપવામાં આવી હતી. આ બજેટમાં શહેરના નવીનીકરણ, રસ્તાઓ, શેરી ગલીઓમાં પેવર બ્લોક, સી.સી. રોડ, પાઈપલાઈન અને ભૂગર્ભ ગટર સહિતના વિકાસ કાર્યોને



પ્રાથમિકતા આપવામાં આવી છે. પ્રજાજનોને વધુ સગવડતા મળી રહે તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવશે. પ્રમુખ પ્રવીણભાઈ કરકરના જણાવ્યા અનુસાર, ૨૪ સભ્યોમાંથી ૨૦ સભ્યોના સહકારથી આ બજેટ મંજૂર કરવામાં આવ્યું છે.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનું પણ માર્ગદર્શન મળ્યું હતું. શહેરને સુંદર અને સ્વચ્છ બનાવવા માટે દરેક સભ્યએ કટીબદ્ધતા દર્શાવી હતી.

# સા.કુંડલાના ઓળીયા ગામે વાડીએ ખુલ્લામાં રાખેલ ઈલેક્ટ્રિક મોટરના કેબલની ચોરી

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાના ઓળીયા ગામે વાડીએથી ખુલ્લામાં રાખેલ ઈલેક્ટ્રિક મોટરના કેબલ વાયરની ચોરી થઈ હતી. જયસુખભાઈ રવજીભાઈ દેવાણી (ઉ.વ.૫૬)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૧૫/૦૧/૨૦૨૫ ના સાંજના આશરે સાતેક વાગ્યેથી તા.૧૬/૦૧/૨૦૨૫ ના સવારના સાતેક વાગ્યા સુધીમાં સાવરકુંડલા રોડ પર ઓળીયા ગામે કરાળની સીમમાં આવેલી વાડીએથી શકદાર ઈસમ ગોવિંદ લલુભાઈ પરમાર દેવીપૂજકે ગેરકાયદે પ્રવેશ કરી વાડીએથી ખુલ્લામાં રાખેલ ઈલેક્ટ્રીક મોટરનો કેબલ વાયર આશરે ૭૦૦ ફુટ આશરે કિં.રૂ.૩૫,૦૦૦નો કાપીને ચોરી કરી લઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ.બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# કબીર સાહેબ સેવા ટ્રસ્ટ-સા.કુંડલા દ્વારા નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

અમરેલી,તા.૨૭

કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા, લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી અને નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પિટલ અમરેલીના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ આંખોના



રોગોથી પીડાતા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયો હતો, જેમાં વિનામૂલ્યે ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેમ્પમાં કુલ ૧૦૯ દર્દીઓએ ઓ.પી.ડી.નો લાભ લીધો હતો, અને ૩૦ દર્દીઓએ મોતિયાના ઓપરેશન કરાવ્યા હતા. આ કેમ્પનું ઉદ્ઘાટન કબીર ટેકરી સાવરકુંડલાના મહંત નારણદાસ સાહેબ, લાયન્સ ક્લબ અમરેલીના ભગવાનભાઈ કાબરિયા, દિનેશભાઈ સોરઠીયા અને નરોત્તમભાઈ સાકરીયા સહિતના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં અનેક સ્વયંસેવકોએ પણ જાહેમત ઉઠાવી હતી.

# કેરીયા નાગસ ગામે જિનિંગ મીલમાં આગથી રૂ.૫૬ લાખનું નુકસાન

અમરેલી, તા.૨૭

અમરેલીના કેરીયા નાગસ ગામે જિનિંગ મીલમાં આગ લાગતાં ૫૬ લાખનું નુકસાન થયું હતું. તેજસભાઈ લાલજીભાઈ નવાપરીયા (ઉ.વ.૩૦)એ જણાવ્યું કે તા.૨૫/૦૩/૨૦૨૫ ના બપોરના આશરે બેએક વાગ્યે તિરૂપતી કોટેક્ષ જીનમાં પ્રેસીંગ મશીનમાં શોર્ટ સર્કીટ કે અન્ય કોઈ કારણોસરથી આગ લાગી હતી. જેથી જીનમાં રહેલો કપાસનો સ્ટોક ૧૦૦૦ મણ જેની આશરે કિં.રૂ.૧૪,૭૦,૦૦૦ તથા કપાસની ગાંસડીનો સ્ટોક આશરે નંગ-૦૫ જેની કિં.રુ.૧,૨૧,૬૦૦, પ્રેસ મશીન જેની કિં.રુ.૪૦,૦૦,૦૦૦ મળી કુલ રૂ.૫૫,૯૧,૬૦૦ નું નુકસાન થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદ તાલુકામાં ટીબી દર્દીઓ માટે પોષણ કિટનું કરાયું વિતરણ

જાફરાબાદ,તા.૨૭

જાફરાબાદ તાલુકાને ટીબી મુક્ત બનાવવાના પ્રયાસોના ભાગરૂપે, અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા તાલુકાના ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત, આ કિટ દર્દીઓને દર મહિને પૂરી પાડવામાં આવશે. આ કિટમાં દવા સાથે જરૂરી પોષક તત્વો પણ સામેલ છે, જે દર્દીઓના ઝડપી સ્વાસ્થ્ય સુધારણા માટે મહત્વપૂર્ણ છે. તાલુકા હેલ્થ ઓફિસર ડો.ટાંક અને સંદીપભાઈ જોષીએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાના જીરા ગામે આયુષ્માન આરોગ્ય મંદિરની રાષ્ટ્રીય ટીમે મુલાકાત લીધી



સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાના જીરા ગામે આવેલા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે ધારાધોરણ મુજબ ક્વોલિટી અંતર્ગત મૂલ્યાંકન માટે રાષ્ટ્રીય કક્ષાની ટીમમાં ડો. સખપ્રીત સિંઘ અને ડો.તીવારી આવ્યા હતા. આ ટીમનું ગામના સરપંચ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય સ્ટાફ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં વિનામૂલ્યે છાશ વિતરણ, ૧૫૧ પરિવારોને લાભ

**ખોડિયાર નગર દ્વારા આ કેન્દ્રનું થતું સંચાલન**

અમરેલી,તા.૨૭

ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને રાહત આપવા માટે સાવરકુંડલામાં વિનામૂલ્યે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન, મુંબઈના સહયોગથી આ કેન્દ્રનું



સંચાલન ખોડિયાર નગર દ્વારા કરવામાં આવી રહ્યું છે. શ્રમજીવી નગર સ્મશાન પાછળ રેલવે ફાટક પાસે ખોડિયાર ચોક ખાતે સવારે ૭:૩૦ થી ૮:૩૦ સુધી છાશનું વિતરણ કરવામાં આવે છે. આ છાશ વિતરણનો ૧૫૧ જેટલા પરિવારો લાભ લઈ રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૨૮-૦૩-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૬,
સૂર્યાસ્ત-૦૬:૩૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૨૮-૦૩-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઇચ્છા પણ દર્શાવશે.

વૃષભ: આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઈ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઈ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન: આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઈ સન્માન અથવા ઈનામ મળી શકે છે.

કર્ક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

સિંહ: આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઈ શકે છે.

કન્યા: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે.સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

તુલા: આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો.

વૃશ્ચિક: આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે.

ધન: આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે.

મકર: આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. સંતાન તરફથી કોઈ શુભ માહિતી મળી શકે છે.

કુંભ: વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ કોઈ એવું કાર્ય ના કરવું જોઈએ જે બીજા માટે જોખમી હોય. સંકટમાંથી બહાર આવવા માટે તમારે ધૈર્યથી કામ કરવું જ જોઇએ.

મીન: લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે.

# લાઠીના અકાળા ગામે દીકરીને ભગાડી જવા મુદ્દે ધીંગાણું થયું

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

લાઠી, તા.૨૭

લાઠીના અકાળા ગામે દીકરીને ભગાડી જવા મુદ્દે બે પક્ષોમાં ધીંગાણું થયું હતું. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. અકાળા ગામે રહેતા શેરાભાઈ સામતભાઈ ચારોલીયા (ઉ.વ.૫૫)એ અમરેલીમાં રહેતા રમેશભાઈ દિનેશભાઈ વાઘેલા તથા વનરાજભાઈ ધરમશીભાઈ માથાસુળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો દીકરો નવઘણ ચાર પાંચ મહિના પહેલા અમરેલીના વિક્રમભાઈ માથાસુળીયાની દીકરીને ભગાડીને લઈ આવ્યો હતો. આ બાબતે બાદમાં સમાધાન પણ થઈ ગયું હતું. ત્યારબાદ અમરેલીના રમેશભાઈ વાઘેલાની દીકરીને તેમનો ભત્રીજો બે દિવસ પહેલા ભગાડીને લઈ ગયો હતો. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમના ઘરે આવી બબાલ કરી હતી. તેમજ તેમને તથા ફરિ.ના પરિવારના સભ્યોને જેમ ફાવે તેમ આડેધડ માર માર્યો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ રમેશભાઈ દિનેશભાઈ વાઘેલા (ઉ.વ.૩૯)એ શેરાભાઈ સામંતભાઈ ચારોલીયા, ગોપાલભાઈ શેરાભાઈ ચારોલીયા, જેન્તીભાઈ શેરાભાઈ ચારોલીયા, દેવાભાઈ સામંતભાઈ ચારોલીયા, કાદુભાઈ સામંતભાઈ ચારોલીયા, મીનાબેન જેન્તીભાઈ ચારોલીયા, વિલાસબેન ગોપાલભાઈ ચારોલીયા તથા રસીલાબેન શેરાભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદીની દીકરી તથા ફરિયાદીના મામાની દીકરીને આરોપીના દીકરા ભગાડીને લઈ ગયા હતા. તેમની દીકરીઓની શોધખોળ કરવા તેમજ સમાધાન બાબતની વાતચીત કરવા આરોપીના ઘર પાસે આવ્યા હતા. આરોપીઓએ તેને તથા સાહેદને ગાળો આપી લોખંડનો પાઈપ તથા કુહાડી તથા લાકડી જેવા હથિયારો ધારણ કરી ઈજા પહોંચાડી હતી. તેમજ તેમને તથા તેની ઈકો ગાડી, બુલેટ ઉપર લોખંડના પાઈપ તેમજ લાકડી તથા પથ્થરોના છુટ્ટા ઘા માર્યા હતા. લાઠી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ કે.કે.પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંથી ત્રણ જુગારીઓ ઝડપાયા

અમરેલી, તા.૨૭

અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા ભાંડવાડમાં પોલીસે ત્રણ જુગારીઓને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. નિતીનભાઈ જયંતીભાઈ ચાવડા, કિશનભાઈ ઉર્ફે ભુરો મંગાભાઈ ચાવડા, ઈમ્તીયાઝભાઈ જુમ્માભાઈ બ્લોચ જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૬૮૦૦ સાથે ઝડપાયા હતા.

# અમરેલીમાં પતિએ પત્નીને ફટકારી, જેઠે મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા.૨૭

અમરેલીમાં રહેતી એક પરિણીતાને તેના પતિએ ફટકારી હતી. તેમજ જેઠે મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હાલ નાના આંકડીયા ગામે રહેતા વૈશાલીબેન પ્રકાશભાઈ વડાલીયાએ અમરેલીમાં રહેતા પતિ - પ્રકાશભાઈ ઠાકરશીભાઈ વડાલીયા, સાસુ - કમળાબેન ઠાકરશીભાઈ વડાલીયા તથા જેઠ - નરેશભાઈ ઠાકરશીભાઈ વડાલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. લગ્ન બાદ પતિ પ્રકાશભાઈ ઠાકરશીભાઈ વડાલીયા તથા સાસુ કમળાબેન ઠાકરશીભાઈ વડાલીયા તથા જેઠ નરેશભાઈ ઠાકરશીભાઈ વડાલીયા નાની નાની બાબતોમાં તેમજ કરિયાવર બાબતે ત્રાસ આપતા હતા. આ ઉપરાંત તેમણે અગાઉ બીજી જ્ઞાતિમાં લગ્ન કર્યા હતા તે બાબતે અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હતા, તેમના પતિએ ગાળો આપી હતી તેમજ જેઠે મારી નાખવાની ધમકી આપી હતી.

# જિલ્લામાંથી અડધો ડઝન શરાબી ઝડપાયા

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી છ શરાબીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જાફરાબાદ, હાથીગઢ, સરસીયા, સાવરકુંડલામાંથી એક-એક અને અમરેલી સિટીમાંથી બે મળી કુલ છ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા. દેરડી (જાનબાઈ) ગામેથી બે લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો.

# ધારીના માલસિકા ગામે વાડીએથી ૪૦ મણ ચણાની ચોરીથી ચકચાર

ધારી, તા.૨૭

ધારીના માલસિકા ગામે વાડીએથી ૪૦ મણ ચણાની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે અરજણભાઈ કાળુભાઈ વાઘેલા (ઉ.વ.૫૫)એ કોઈ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ફાર્મે રાખેલ વાડી(ખેતર)માં અજાણ્યો શખ્સ ગેરકાયદે પ્રવેશ કરી આશરે ૩૦ થી ૪૦ મણ ચણાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેની કુલ કિં.રૂ.૪૦,૦૦૦ જાહેર થઈ હતી.

# મચ્છી મારવી હોય તો દરિયે જાવ કહી જાનથી મારવાની ધમકી આપી

**હાથસણી ગામે શેલદેદુમલ ડેમ પર બની ઘટના**

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલાના હાથસણી ગામે શેલદેદુમલ ડેમ પર ગાળો આપી 'મચ્છી મારવી હોય તો દરિયે જાવ' તેમ કહી પિસ્ટલ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે વિનોદભાઈ વાલજીભાઈ મીઠાપુરા (ઉ.વ ૫૧)એ સાવરકુંડલામાં રહેતા જયરાજ પ્રતાપભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ અવાર-નવાર તેના મચ્છીમારીના કાયદેસરના ઈજારા વાળા ડેમે આવી ગાળો આપી મચ્છી મારવી હોય તો દરિયે જાવ, તેમ કહી લોખંડની પિસ્ટલ હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સા.કુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. એસ. મુસાર વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# મોબાઈલ એ. આઈ.નો અતિરેક હાનિકારક

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો સૌથી વધુ ઉપયોગ અત્યારે મોબાઈલ ફોન દ્વારા થાય છે તેનો અતિરેક માનવીની વિચાર ક્ષમતાને ધીમે ધીમે નષ્ટ કરી રહ્યો છે જેની કોઈને ખબર પડતી નથી. મોબાઈલ ફોનંના અતિરેકથી માનવીના આરોગ્ય ઉપર એટલી વિપરીત અસર થાય છે કે જેને કારણે તેની રોગપ્રતિકાર શક્તિ ઘટવાથી માંડીને માની ન શકાય તેવી શારીરિક, માનસિક અસરો થાય છે જેના વિશે અમેરિકાનું લેટેસ્ટ સંશોધન બતાવે છે કે મોબાઈલનો અતિશય ઉપયોગ માનવીના આયુષ્યને ઘટાડે છે. એ.આઈ.ના ઉપયોગથી માનવીની વિચાર ક્ષમતા નષ્ટ થઈ જશે તેવી ગંભીર ચેતવણી પણ આપવામાં આવી છે. મોબાઈલ એક અનિવાર્ય અનિષ્ટ છે. આજે માસુમ બાળકોથી માંડી વયોવૃદ્ધ માનવી પણ સતત મોબાઈલમાં વ્યસ્ત હોય છે. આ સ્માર્ટફોન અતિ ઉપયોગી છે આમ છતાં આના અનિષ્ટ તત્વો જોખમી છે. તેના અતિશય ઉપયોગથી અનેક પ્રકારની હાનિ થાય છે તો તેના સદુપયોગથી માણસ વિકાસના સર્વોત્તમ શિખરો પણ સર કરી શકે છે. મોબાઈલથી માનસિક અને શારીરિક રીતે કેટલું નુકસાન થાય છે તે બાબતનો અભ્યાસ કરવો સહેલો નથી કારણ કે માનસિક સ્તરે માનવીના મનને જે નુકસાન થાય છે તે ઉપરછલ્લી રીતે દેખાતું નથી. મોબાઈલથી અનેક પ્રકારની શારીરિક અને માનસિક બીમારી લાગુ પડે છે અને તે પણ ધીમે ધીમે લોકો મોબાઈલમાં એટલા બધા વ્યસ્ત બની જાય છે કે એને ખબર પણ પડતી નથી કે તેના તન, મન અને આત્માને કેટલું નુકસાન થઈ રહ્યું છે. અનેક બીમારીઓને બોલાવવી હોય તો મોબાઈલ વપરાશનો અતિરેક કરો. આ એક એવું વ્યસન છે જે સહેલાઈથી છોડી શકાતું નથી.આજકાલના મોબાઈલ યુગમાં માત્ર યુવાનો જ નહીં બલ્કે વયોવૃધ્ધ લોકો પણ મોબાઈલ પર આશ્રિત થઈ રહ્યા છે. ફોન વગર લોકો પોતાની જાતને અધુરા, એકલા સમજવા લાગે છે. સવારે ઉઠતાવેંત અને રાત્રે સૂતાં સુધી ફોન શ્વાસની માફક સાથે જ રહે છે. લોકોને હવે મોબાઈલ વગર એક પળ પણ ચેન પડતું નથી. મોબાઈલનાં વધુ પડતા ઉપયોગને લીધે અનેક પ્રકારની આરોગ્ય સમસ્યાઓ ઉભી થવા પામે છે. આથી જરૂરી છે કે મોબાઈલને પોતાની જિંદગીમાં વધુ પડતી દખલ કરતો અટકાવો. તેનો અતિરેક તમને મારી નાખશે. મોબાઈલના વધારે પડતા ઉપયોગને લીધે શું સમસ્યા ઊભી થાય છે? અંધારામાં મોબાઈલનો ઉપયોગ ઓછો કરો. અંધારામાં આંખો વધુ ખેંચાય છે આથી કમ સે કમ નાની લાઈટ શરૂ રાખીને ફોનનો ઉપયોગ કરશો. ઊંઘનો દુશ્મન એવો મોબાઈલ આપણાં જીવનમાં એટલી બધી હદે વણાઈ ગયો છે કે રાત્રે સૂવા માટે પથારીમાં આડા પડીએ ત્યારે પણ સૂતાં પહેલા આપણે મોબાઈલ વાપરવાનું ચૂકતા નથી. પણ તમે શું એ બાબત જાણો છો કે તમારો મોબાઈલ ફોન જ તમારી ઊંઘનો સૌથી મોટો દુશ્મન છે. કેમ કે, તમારા સ્માર્ટફોનમાંથી નીકળનાર કૃત્રિમ પ્રકાશ અંધારામાં તમારા શરીરની મેલાટોનિન રસાયણ ઉત્પન કરવાની ક્ષમતાને પ્રભાવિત કરે છે. આ મેલાટોનિન રસાયણ આપણને ઊંઘ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. તેના થકી જ આપણને ઊંઘ લાવવાની પ્રક્રિયા ચાલે છે. હવે જ્યારે તમે સૂવાના સમયે ફોનનો વપરાશ કરી રહ્યા હશો તો મોબાઈલના પ્રકાશને લીધે તમારી ઊંઘ ભાગી જાય છે. મોબાઈલ આજે આપણી દિનચર્યાનો મહત્વપૂર્ણ હિસ્સો બની ચૂકયો છે જેના લીધે આપણે દિવસના મોટાભાગનો સમય મોબાઈલની પાછળ જ વિતાવતા હોઈએ છીએ.

# કલ્પસરને નામે દરિયામાં નાળિયેર નાખ્યા પછી પ્રોજેક્ટનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

એક દાયકા પહેલા ભાવનગરના નવા બંદરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કલ્પસરને નામે દરિયામાં નાળિયેર નાખ્યું હતું. પછી આ પ્રોજેક્ટ કેટલે પહોંચ્યો તેની જાણ ન હોવાથી વિકાસ વિરોધીઓ એમ માની રહ્યા છે કે આ પ્રોજેક્ટને અભરાઈએ ચડાવીને ખંભાતના અખાતના પુલનો નવો પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો. જેથી લોકો જૂનો પ્રોજેક્ટ ભૂલી જાય પરંતુ આ વાત સાચી નથી આજની તારીખે કલ્પસર પ્રોજેક્ટનું કામ સામા કિનારે એટલે કે ભરૂચ નજીક ધમધોકાર ચાલી રહ્યું છે.

ભાવનગર નજીક સમુદ્ર કિનારે નિષ્કલંક મહાદેવ છે તેવી જ રીતે બરોબર સામા કિનારે ભાડભૂત નામનું ભગવાન શંકરનું મંદિર છે. નજીકમાં નર્મદા નદીનું મુખ છે અને તેના પર એક વિશાળ ચેકડેમ બનાવવામાં આવી રહ્યો છે જેને "ભાડભૂત બેરેજ" નામ આપવામાં આવ્યું છે તેનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ ડેમ મીની કલ્પસર છે. ભાડભૂત એ ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લામાં આવેલું એક ગામ છે. આ ગામ નર્મદા નદીના કિનારે આવેલું હોવાથી તેનું ભૌગોલિક મહત્વ ઘણું છે. ભાડભૂત મુખ્યત્વે બે કારણોસર જાણીતું છે: નર્મદાના મુખ પર આલિયા બેટ નજીક ગુજરાતનો સૌથી લાંબો બેરેજ બનાવવામાં આવી રહ્યો છે. જેને તમે મીની કલ્પસર કહી શકો.

નર્મદાનું પાણી જે આવે છે તે અતિશય પોલ્યુટેડ હોવાથી તેને સૌ પ્રથમ ભાડભૂત ડેમમાં ઠાલવવામાં આવશે અને તેને શુદ્ધ કર્યા પછી મોટા કલ્પસર સરોવરમાં નાખવામાં આવશે આથી ભાડભૂતને તમે મીની કલ્પસર કહી શકો અને તેનું મોટા ભાગનું કામ અત્યારે ધમધોકાર ચાલી રહયું છે.

વિકાસ વિરોધીઓ કહે છે કે ભાવનગરના નવા બંદરે આવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કલ્પસર નામનું નાળિયેર નાખ્યું એને દાયકાઓ વીતી ગયા. હવે આ પ્રોજેક્ટ ભુલાઈ ગયો છે અને નવો સી લિંક પુલ બનાવવાનો નવો પ્રોજેક્ટ મૂકી દીધો આથી લોકો કલ્પસરને ભૂલી જાય અને પુલના રવાડે ચડી જાય.

પરંતુ આ વાત સાચી નથી. દરિયા પરનો સી લિંક બ્રીજ રેલવેનો એક અલગ પ્રોજેક્ટ છે તેને કલ્પસર સાથે લેવાદેવા નથી. બંને પ્રોજેક્ટ થાય તો તે ગુજરાત માટે ગૌરવરૂપ છે.

ભાડભૂત નજીક અહીં દર ૧૮ વર્ષે એક મોટો મેળો ભરાય છે, જે લાખો શ્રદ્ધાળુઓને આકર્ષે છે. આ મેળો કુંભમેળાની જેમ જ મહત્વનો માનવામાં આવે છે. ભાડભૂત બેરેજ નર્મદા નદી પર એક નીચી હાઈટનો અનેક દરવાજાવાળો ડેમ છે. જે આ વિસ્તાર માટે ખૂબ જ મહત્વનો પ્રોજેક્ટ છે. ૧૮ વર્ષે એક વખત મેળો ભરાય છે. ભાડભૂતનો મેળો એ એક ધાર્મિક અને




સાંસ્કૃતિક મહત્વ ધરાવતો મેળો છે. આ મેળો શ્રાવણ મહિનામાં ભરાય છે અને તે લગભગ એક મહિના સુધી ચાલે છે. માન્યતા અનુસાર, આ સમયે નર્મદા નદી સમુદ્રને મળે છે અને આ સંગમ સ્થળે સ્નાન કરવાનું વિશેષ મહત્વ છે. ભાડભૂત ખાતે નર્મદા નદી પર જે બેરેજ બનાવવામાં આવ્યો છે તે પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય મીઠા પાણીને નદીમાં જાળવી રાખવાનો છે, જેથી આસપાસના વિસ્તારોમાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા હલ થઈ શકે.

ભાદરવી અમાસની જેમ જ અહીં ધાર્મિક મેળો ભરાય છે.

આ મેળામાં દૂર દૂરથી લાખો શ્રદ્ધાળુઓ આવે છે અને નર્મદા નદીમાં સ્નાન કરીને ધન્યતા અનુભવે છે. અહીં વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન અને લોકમેળાઓનું પણ આયોજન થાય છે.

આ મેળાની એક વિશેષ પરંપરા એ છે કે લોકો માટીના નાના ઘોડા બનાવે છે અને તેને નદીમાં ત્યજી દે છે. આ પ્રથા પાછળ જુદી જુદી લોકવાયકાઓ અને માન્યતાઓ જોડાયેલી છે. આનાથી લોકોની સુખાકારી જળવાઈ રહે છે. મહાદેવના આશીર્વાદથી સૌ સુખી રહે છે.

નર્મદા નદીને ગંગા મૈયા જેટલી જ પવિત્ર માનવામાં આવે છે. આ નદીના પાણીને જાળવી રાખવા માટે આ બેરેજ બનવામાં આવ્યો છે.

બેરેજનો હેતુ મીઠા પાણીને નદીમાં જાળવી રાખવાનો છે, જેથી આસપાસના વિસ્તારોમાં સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા હલ થઈ શકે.

આ બેરેજ ખારા પાણીને નદીમાં પ્રવેશતું અટકાવશે અને મીઠા પાણીનો જથ્થો જાળવી રાખવામાં મદદ કરશે. જેના કારણે ખેતી અને અન્ય જરૂરિયાતો માટે પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. આ બેરેજના નિર્માણથી આસપાસના ખેડૂતો અને સ્થાનિક લોકોને ઘણો ફાયદો થશે. સિંચાઈની સુવિધાઓ વધશે અને પીવાના પાણીની સમસ્યા પણ ઓછી થશે.

આ પ્રોજેક્ટને લઈને કેટલાક પર્યાવરણીય અને સામાજિક વિવાદો પણ થયા છે, જેમાં માછીમારો અને સ્થાનિક લોકોના હિતોની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ભાડભૂતનું ભૌગોલિક મહત્વ પણ છે.


ભાડભૂત નર્મદા નદીના કિનારે આવેલું ગામ છે. તેનું ભૌગોલિક સ્થાન ખૂબ જ મહત્વનું છે. ભાડભૂત એક ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતું ગામ છે. તેનો ૧૮ વર્ષે ભરાતો મેળો લાખો લોકોની આસ્થાનું કેન્દ્ર છે. તાજેતરમાં બનેલો બેરેજ આ વિસ્તારના વિકાસ માટે એક મહત્વનું પગલું છે, જેનાથી સ્થાનિક લોકોની સુખાકારીમાં વધારો થશે. જો કે, આ વિકાસ સાથે સંકળાયેલા પડકારો અને વિવાદો પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

તેમાં ઘણા દરવાજા (gates) છે, જેની મદદથી પાણીના પ્રવાહને નિયંત્રિત કરી શકાય છે.

બેરેજની ડિઝાઈન એવી રીતે કરવામાં આવી છે કે તે પૂરના પાણીને પણ સુરક્ષિત રીતે પસાર કરી શકે. ભાડભૂત બેરેજના નિર્માણથી ભરૂચ જિલ્લા અને આસપાસના વિસ્તારોના ખેડૂતોને ઘણો ફાયદો થયો છે. તેમને નિયમિત રીતે સિંચાઈ માટે પાણી મળી રહે છે. પીવાના પાણીની સમસ્યા હલ થવાથી સ્થાનિક લોકોના જીવનધોરણમાં સુધારો થયો છે.

ઔદ્યોગિક વિકાસને પણ પ્રોત્સાહન મળ્યું છે. ભાડભૂત બેરેજના નિર્માણને લઈને કેટલાક વિવાદો પણ થયા છે, જેમાં મુખ્યત્વે પર્યાવરણીય અસરો અને સ્થાનિક માછીમારો પર થનારી સંભવિત અસરો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કેટલાક લોકોનું માનવું છે કે બેરેજના કારણે નદીના કુદરતી પ્રવાહમાં અવરોધ આવશે અને દરિયાઈ જીવો પર તેની નકારાત્મક અસર પડશે. માછીમારોને પણ તેમની આજીવિકા ગુમાવવાનો ડર છે. ટૂંકમાં એમ કહી શકાય કે મીની કલ્પસરનું મોટાભાગનું કામ અત્યારે ભાવનગરના સામા કિનારે ધમધોકાર ચાલી રહ્યું છે.

## શબ્દ સંજોગ-૧૯૭૩



**આડી ચાવી :**
(૧) એક પુષ્પ (૩)
(૩) નિવાસસ્થાન, સદન (૩)
(૬) એક પ્રાણી (૩)
(૭) એક પેટાૠતુ (૩)
(૮) પતિ, કાંત (૩)
(૧૦) એક પશુ (૨)
(૧૧) એક તેલી બી (૨)
(૧૨) વિના, સિવાય (૩)
(૧૪) એક રાશિ (૩)
(૧૬) થોડીક....રાખો, આવડશે જ (૪)
(૨૧) કક્ષા, શ્રેણી (૨)
(૨૨) લાજ, લજ્જા (૩)
(૨૩) નજર સામે રાખેલુ, હાજર કરેલું (૨)
(૨૪) ..........કરતા ધાડ પડી (૩)
(૨૫) થાક ખાવાની જગા (૩)
(૨૬) કામ (૨)
(૨૭) પર્વત, જાડ (૨)

**ઉભી ચાવી :**
(૧) નિયમિત.....કરવાથી આરોગ્ય સારુ રહે છે (૪)
(૨) એક કંદ (૩)
(૩) ભગવાન સૌનુ..કરો (૨)
(૪) જવાહરલાલ..... (૩)
(૫) દરજી પાસે આ તો હોય જ (૩)
(૯) દાઝયા પર લગાવો (૩)
(૧૦) લગ્ન પૂર્વેની એક મંગળ વિધિ (૩)
(૧૨) પતિ, ધણી (૨)
(૧૩) કાળો-ચીકણો ઠરેલો કાદવ (૨)
(૧૫) કસોટી (૨)
(૧૭) લોહી, રુધિર (૨)
(૧૮) ભાષાંતર, અનુવાદ (૪)
(૧૯) એક ગુજરાતી મહિનો (૨)
(૨૦) એક હિંદી મૂવી કલાકાર :.......જોશી (૪)
(૨૨) બાણ, તીર (૨)
(૨૩) ઘોડેસવાર પલટન (૩)
(૨૪) નીતિ, સદાચાર વિશેનું જ્ઞાન (૨)

## શબ્દ સંજોગ-૧૯૭૨ જવાબ

**આડી ચાવી:** (૧) મધુસૂદન (૪) વાહન (૬) ભજન (૯) પા (૧૦) વરૂ (૧૧) ભંગુર (૧૩) સતાધાર (૧૪) કીર (૧૬) ખલ (૧૮) સબબ (૧૯) ખાલી (૨૦) વરો (૨૧) રતન (૨૨) મના (૨૩) મજલ (૨૫) દાનત (૨૬) તાનસેન (૨૭) કને.
**ઉભી ચાવી:** (૧) મનુ (૨) સૂર્ય (૩) નભ (૪) વાન (૫) નહેરૂ (૭) જનેતા (૮) ભૃગુ (૧૦) વરખ (૧૧) ભંગ (૧૨) રકીબ (૧૫) રબર (૧૭) લલના (૧૮) સરોજ (૧૯) ખાનદાન (૨૦) વમન (૨૨) મનક(તમક) (૨૪) લતા.

# એક દિવસમાં સોનાના ભાવમાં આંશિક વધારો, એક કિલો ચાંદીનો ભાવ ૧ લાખ નજીક

મુંબઈ,તા. ૨૭



૨૬ માર્ચે સોના અને ચાંદીના ભાવમાં વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૪૭ રૂપિયા વધીને ૮૭,૭૯૮ રૂપિયા થયો છે. અગાઉ સોનું ૮૭,૭૫૧ રૂપિયા હતું. ૨૦ માર્ચે સોનાનો ભાવ ૮૮,૭૬૧ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો હતો. એક કિલો ચાંદીનો ભાવ ૮૫૭ રૂપિયા વધીને ૯૮,૭૭૯ રૂપિયા પ્રતિ કિલો થયો છે. અગાઉ ચાંદીનો ભાવ ૯૭,૯૨૨ રૂપિયા પ્રતિ કિલો હતો. ગયા સપ્તાહે ૧૭ માર્ચે ચાંદી ૧,૦૦,૪૦૦ રૂપિયા ઓલટાઈમ હાઈ પહોંચી હતી.

આ વર્ષે, ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૬,૧૬૨ રૂપિયાથી ૧૧,૬૩૬ રૂપિયા વધીને ૮૭,૭૯૮ રૂપિયા થયો છે. તેમજ, ચાંદીનો ભાવ પણ પ્રતિ કિલો ૮૬,૦૧૭ રૂપિયાથી ૧૨,૭૬૨ રૂપિયા વધીને ૯૮,૭૭૯ રૂપિયા થયો છે. તેમજ, ગયા વર્ષે એટલે કે ૨૦૨૪માં, સોનું ૧૨,૮૧૦ રૂપિયા મોંઘુ થયું હતું.

# ભારતનું આગામી પાંચ વર્ષમાં વૈશ્વિક વેપારના ગ્રોથમાં ૬% યોગદાન રહેશે

મુંબઈ,તા.૨૭

વિશ્વભરમાં ભૌગોલિક-રાજકીય તણાવ અને ટ્રેડ પૉલિસીની અનિશ્ચિતતાઓ છતાં વૈશ્વિક વેપારમાં ગ્રોથ યથાવત્ રહેશે. ન્યૂયોર્ક યુનિવર્સિટીની સ્ટર્ન સ્કૂલ ઑફ બિઝનેસ અને જર્મન લોજિસ્ટિક્સ બ્રાન્ડ ડીએચએલ દ્વારા સંયુક્તપણે પ્રકાશિત 'ડીએચએલ ટ્રેડ એટલસ ૨૦૨૫' રિપોર્ટ અનુસાર, ભારતનું આગામી પાંચ વર્ષમાં વૈશ્વિક વેપારના ગ્રોથમાં ૬% યોગદાન રહેશે. વિશ્વભરના ૨૦૦ દેશો અને ક્ષેત્રોની બિઝનેસ પેટર્નનું વિશ્લેષણ કરાયું છે. રિપોર્ટ અનુસાર વૈશ્વિક વેપારના વિસ્તરણમાં ભારત ચીન અને અમેરિકા બાદ ત્રીજા ક્રમે હશે. ગ્લોબલ ટ્રેડ ગ્રોથમાં ચીનનું યોગદાન ૧૨% અને અમેરિકાનું ૧૦% રહેવાનું અનુમાન છે. ભારતે અન્ય મોટા અર્થતંત્રની તુલનામાં પોતાના વેપાર ગ્રોથમાં તેજી દર્શાવી છે. આ જ કારણ છે કે વેપારના આકારમાં વધારાના મામલે તે ત્રીજા સ્થાને રહી શકે છે. જ્યારે ટ્રેડ ગ્રોથની ઝડપના મામલે પણ ભારત ૩૨માં સ્થાનથી ઉપર હવે ૧૭માં સ્થાને પહોંચે તેવી આશા છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૭૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૭૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૧૨૦ | ૨૮૦ |
| ડુંગળી સુકી | ૭૫ | ૩૦૦ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૩૩૦ | ૪૬૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૯૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૨૦ | ૩૫૦ |
| કારેલા | ૬૨૦ | ૮૩૦ |
| સરગવો | ૧૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૫૦ | ૩૦૦ |
| મેથી | ૧૦ | ૨૫૦ |
| વાલ | ૯૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૧૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૮૦ | ૧૪૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦ | ૧૬૦ |
| મરચા | ૨૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૨૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૮૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૪૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૦૨૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૧૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૩ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| ગુંદા | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૨૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૭૦૦ |
| આદુ | ૫૨૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૦૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૩૨૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ટામેટા | ૧૨૦ | ૧૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૫૦૦ |
| વટાણા | ૭૦૦ | ૧૦૦૦ |
| ચોળાલીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શક્કરટેટી | ૨૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૨૪૦ | ૩૪૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મકાઇ | ૧૦૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૬ | ૧૪૭૦ |
| મગફળી | ૮૬૧ | ૮૬૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૩૨ |
| જુવાર સફેદ | ૬૧૧ | ૬૧૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૩૦૧ |
| ઘઉં | ૫૨૩ | ૫૨૩ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૮ | ૧૦૭૦ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૦૩૫ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૭૪ |
| ઘઉં | ૪૬૯ | ૫૬૨ |
| રાઈ | ૯૮૦ | ૧૦૧૬ |
| રાયડો | ૯૫૦ | ૧૦૪૨ |
| મેથી | ૬૫૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૪૬ |
| જુવાર | ૫૦૦ | ૯૫૨ |
| અડદ | ૧૩૦૦ | ૧૭૧૦ |
| એંરડી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૬૫૦ |
| કપાસ | ૧૩૭૦ | ૧૪૬૦ |
| કાંગ | ૪૦૦ | ૫૧૨ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૧૯ | ૧૪૫૦ |
| કપાસ સી ગ્રેડ | ૭૩૦ | ૭૩૦ |
| તુવેર | ૧૦૩૨ | ૧૦૩૨ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૦૦ | ૧૦૫૦ |
| શીંગ ૩૨ | ૧૦૦૦ | ૧૦૪૬ |
| શીંગ જી-૨૦ | ૯૮૦ | ૧૦૬૦ |
| એરંડા | ૧૧૮૬ | ૧૧૮૬ |
| જુવાર | ૪૨૧ | ૯૧૧ |
| બાજરી | ૪૦૨ | ૬૭૫ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૮૦ |
| અડદ | ૬૦૦ | ૧૦૨૫ |
| મગ | ૯૦૧ | ૧૮૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૨ |
| મેથી | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ચણા નં.૩ | ૯૭૨ | ૧૦૫૨ |
| ચણા દેશી | ૧૧૦૬ | ૧૧૦૬ |
| તલ સફેદ | ૧૮૨૬ | ૧૮૪૦ |
| તલ પુરબીયા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૩૬૧ |
| જીરૂ | ૩૫૫૬ | ૩૮૭૫ |
| ડુંગળી લાલ | ૧૨૦ | ૩૦૮ |
| ડુંગળી સફેદ | ૧૫૩ | ૨૪૪ |
| નાળીયેર | ૭૦૩ | ૨૬૨૨ |



★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ:
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી


Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા બે દિવસ પોરબંદર લોકસભા વિસ્તારના પ્રવાસે

પોરબંદર, તા.૨૭

પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર, યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ૨૯ અને ૩૦ માર્ચના રોજ જૂનાગઢ અને રાજકોટના પ્રવાસ અર્થે આવનાર છે. આ પ્રવાસ દરમિયાન તેઓ ૨૯ માર્ચના રોજ સવારે ૧૦ વાગ્યે મેંદરડા ખાતે યોજાનાર 'સેવાસેતુ' કાર્યક્રમમાં હાજરી આપશે અને લાભાર્થીઓ સાથે સંવાદ કરશે. સેવાસેતુ કાર્યક્રમ બાદ તેઓ મેંદરડા ખાતે શોરૂમના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ વિવિધ ધાર્મિક સ્થળોના દર્શને જશે. જેમાં બપોરે ૩ વાગ્યે સમઢીયાળા ગંગેડી આશ્રમ ખાતે દર્શન કરશે અને બપોરે ૩:૩૦ વાગ્યે ખોરસા ખાતે આવેલ તિરુપતિ બાલાજી મંદિર ખાતે દર્શન કરશે. બપોરે ૦૪:૦૦ વાગ્યે સોનલ ધામ, મઢડા ખાતે મુલાકાત લઈ દર્શન કરશે. સાંજે ૫ વાગ્યે તેઓ માર્કેટિંગ યાર્ડ, વંથલી ખાતે નગરપાલિકાના



ચૂંટાયેલા સદસ્યો તથા સ્થાનિક કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે અને માર્ગદર્શન આપશે. બાદમાં તેઓ જૂનાગઢ ખાતે શહેર ભાજપ કાર્યાલયની મુલાકાત લેશે જ્યાં જૂનાગઢ મહાનગરના કોર્પોરેટરો સાથે બેઠક કરશે અને માર્ગદર્શન આપશે. ૩૦ માર્ચ, રવિવારના રોજ તેઓ સવારે ૭ વાગ્યે સ્થાનિકો સાથે **'Sunday on Cycle'** કાર્યક્રમમાં હાજરી આપશે. સવારે ૧૦ થી બપોરે ૩ વાગ્યા સુધી તેઓ ઉપલેટા ખાતે આવેલ 'ગોરસ' સાંસદ કાર્યાલય, ઉપલેટા, રાજકોટ ખાતે રાજકોટની વિવિધ નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્ય તથા સ્થાનિક કાર્યકરો સાથે બેઠક કરશે અને માર્ગદર્શન આપશે.

# અમરેલીના દિવ્યાંગ બાળકોનો જૂનાગઢ અને પરબ ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો

અમરેલી, તા.૨૭


બીઆરસી ભવન અમરેલી દ્વારા અમરેલી તાલુકાના દિવ્યાંગ બાળકો અને તેમના વાલીઓ માટે જૂનાગઢ અને પરબ ખાતે એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રાન્ટેડ હાઈસ્કૂલના વોકેશનલ ટ્રેડના દિવ્યાંગ બાળકો અને તાલુકાની સરકારી શાળાના દિવ્યાંગ બાળકો જોડાયા હતા. બીઆરસી કો-ઓર્ડિનેટર બી.ડી. ગજેરાના



માર્ગદર્શન હેઠળ ૨૫ માર્ચ, ૨૦૨૫ના રોજ યોજાયેલા આ પ્રવાસમાં ૩૦ બાળકો અને ૩૦ વાલીઓએ ભાગ લીધો હતો. સવારે ૭ વાગ્યે અમરેલીથી બસ રવાના થઈ હતી અને રસ્તામાં બાળકો માટે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રવાસની શરૂઆત ભવનાથ તળેટીના કુદરતી વાતાવરણથી થઈ હતી, જ્યાં બાળકોએ ખૂબ મજા કરી હતી. બાળકોએ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓએ પશુ-પક્ષીઓ નિહાળ્યા હતા અને સ્પેશિયલ એજ્યુકેટરો દ્વારા તેમની ઓળખ મેળવી હતી. જંગલ સફારીની મજા પણ બાળકોએ માણી હતી. જૂનાગઢના સમાજ શ્રેષ્ઠી રાજાબાપા વેકરીયા અને ભાવેશભાઈ વાળાએ દિવ્યાંગ બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો.

# ગીર ગઢડાના ધોકડવા રોડ પરથી લાઈમ સ્ટોન સાથે ટ્રેક્ટર સીઝ કરાયું

**ઈસમો પાસે લાઈમ સ્ટોન રોયલ્ટીના કોઈ પાસ કે પરમીટ મળી આવી નહોતી**



ઉના, તા. ૨૭

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં કચેરી સ્ટાફની ફિલ્ડ વિઝિટ દરમિયાન ધોકડવા રોડ પરથી પસાર થતા લાઈમ સ્ટોન ભરેલા ટ્રેક્ટરને રોકી તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ટ્રેક્ટર ચલાવતા ઈસમો પાસે લાઈમ સ્ટોન રોયલ્ટીના કોઈ પાસ કે પરમીટ મળી આવી નહોતી. જેથી વહીવટી તંત્ર દ્વારા લાઈમ સ્ટોન સાથે ટ્રેક્ટર સીઝ કરવામાં આવ્યું હતું. જેની અંદાજિત કિંમત રૂ. પાંચ લાખ જેટલી થવા જાય છે.

# મહિલા અગ્રણીની સ્ટેજ પરથી સજળ આંખે દારૂ-જુગારના હાટડા બંધ કરાવવા કલેક્ટરને રજૂઆત

કોડીનાર, તા.૨૭

કોડીનારના અંબુજાનગર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી પ્રસંગે સોરઠ મહિલા વિકાસ સહકારી મંડળીની મહિલા અગ્રણીએ ગીર સોમનાથ જિલ્લામાં છડેચોક ચાલતા દારૂ, જુગારના હાટડા બંધ કરવા જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા સમક્ષ રડતા રડતા રજૂઆત કરતા ચકચાર જાગી છે. જિલ્લામાં સંખ્યાબંધ ઠેકાણે દેશી-વિદેશી દારૂના હાટડા ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. દેશી વિદેશી દારૂની લતે ચડેલા યુવાનોના કારણે અનેક ઘર બરબાદીના પંથે જઈ રહ્યા છે. દારૂડિયા પતિના ત્રાસથી સોરઠની અનેક મહિલાઓ ત્રાહિમામ પોકારી ગઈ છે તો ૩૦ થી ૫૦ વર્ષની ઉંમરે કેટલીક મહિલાઓ વિધવા બની રહી છે ત્યારે મહિલા દિનની ઉજવણી પ્રસંગે હજારો મહિલાઓની વચ્ચે જિલ્લા




કલેક્ટરની ઉપસ્થિતિમાં હજારો બહેનોને આત્મનિર્ભર કરનાર મોતીબેન ચાવડાએ રડતા ચહેરે દારૂના દૂષણ પર અંકુશ લાવવા માંગણી કરી હતી. જિલ્લા કલેક્ટરે પણ મોતીબહેનના ભાષણની વચ્ચે ઊભા થઈને સોરઠ મંડળની મહિલાઓ દ્વારા આ બાબતે જ્યારે ધ્યાન દોરાશે તો તુરત જ પગલાં લેવડાવવામાં આવશે તેવી ખાતરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોડીનાર તથા તાલુકાના કેટલાય ગામોમાં ઠેક ઠેકાણે દેશી વિદેશી દારૂના હાટડાઓ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે.

# જે. એસ. પરમાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વાર્ષિકોત્સવ યોજાયો

કોડીનાર, તા.૨૭

શ્રી જે. એસ. પરમાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજને તાજેતરમાં ૪૧ વર્ષ પૂર્ણ થતા તેનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે સંત સાહિત્યના તજજ્ઞ ડો. નાથાલાલ ગોહિલ રહ્યા હતા. તેમણે તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને સાંપ્રત શિક્ષણ વિશે માહિતગાર કરીને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે નેશનલ ખેલાડીઓ, ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થીઓ અને વર્ષ દરમિયાન જેમણે પોતાની સાંસ્કૃતિક કૃતિઓ



રજૂ કરી હતી તેમને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સંસ્થાના સેવા નિવૃત્ત થતા પ્રોફેસર વી.વી. બારડ અને પ્રો. પી.આર. પરમારને સ્મૃતિ ચિન્હ અર્પણ કરીને વિદાય સન્માન આપવામાં આવ્યું હતું.

# વેરાવળ ગ્રામ્યમાં સીમતળના રસ્તા પરથી દબાણ દૂર કરાયું, આશરે રૂ. ૧૫ લાખની જમીન ખુલ્લી થઈ

**કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચનાથી કાર્યવાહી**

ગીર સોમનાથ,તા.૨૭

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ખેરાળીથી છાપરી ગામને જોડતા સીમતળના



તસ્વીર : કૈલાશ ભટ્ટ

રસ્તા પરની પેશકદમી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. હસનાવદર અને ખેરાળી ગામના ખેડૂતો દ્વારા આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. મામલતદાર વેરાવળ ગ્રામ્યની ટીમ દ્વારા તા.૧૮/૦૩/૨૦૨૫ થી તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ ૬ દિવસમાં રસ્તા પરના દબાણ દૂર કરવામાં આવ્યા છે. આ રસ્તો આશરે ૨ કિલોમીટર લાંબો છે અને જુદી જુદી જગ્યાએ ૧૪ થી ૧૬ ફૂટ પહોળો છે. જેસીબી મશીન વડે સર્વે ખાતેદારોની સંમતિથી રસ્તા પરના દબાણ હટાવીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે. આ જમીનની બજાર કિંમત આશરે ૧૫ લાખ રૂપિયા થાય છે.

# ધોરાજીમાં વાલ્મીકિ સમાજનું સ્મશાન અસામાજિક તત્વોનો અડ્ડો બનતાં આવેદનપત્ર પાઠવાયું

ધોરાજી, તા.૨૭

ધોરાજીમાં વાલ્મીકિ સમાજનું સ્મશાન અસામાજિક તત્વોનો અડ્ડો બનતાં આવેદનપત્ર પાઠવ્યું હતું. સ્મશાન વ્યવસ્થિત કરી અને રેલીંગ કરી સમાજને સોંપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. ધોરાજી વાલ્મીકિ સમાજના પ્રમુખ આશિષભાઈ જેઠવા અને સમાજના આગેવાનોએ નગરપાલિકાના મુખ્ય અધિકારીને આવેદનપત્ર



તસ્વીર : નયન કુહાડીયા

પાઠવતા જણાવ્યું કે હાલમાં ધોરાજી નગરપાલિકામાં જે સફાઈ કામદારો છે તે ઓછા છે કારણ કે ૨૫૦ જેટલા સફાઈ કામદારોની જરૂરિયાત છે જેની સામે માત્ર ૯૨ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. જેના હિસાબે ધોરાજીની જે પ્રકારે સફાઈ કરવી જોઈએ તે સ્વચ્છતા અને સફાઈ થઈ રહી નથી અને પ્રજાના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. અમારી માગણી છે કે ધોરાજી નગરપાલિકામાં તાત્કાલિક ૨૫૦ જેટલા સફાઈ કામદારોની રોજમદાર તરીકે તાત્કાલિક ભરતી કરવામાં આવે. જો તારીખ ૧૦ સુધીમાં વાલ્મીકિ સમાજના પ્રશ્નો હલ કરવામાં નહીં આવે તો નાછૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે પ્રતિક ઉપવાસ આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# કોડીનાર તાલુકા પંચાયતનું વર્ષ ૨૦૨૫/૨૬નું ૧૬.૩૨ કરોડનું વિકાસલક્ષી બજેટ મંજૂર

કોડીનાર,તા.૨૭

કોડીનાર તાલુકા પંચાયતનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૧૬ કરોડ ૩૨ લાખ રૂપિયાનું વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. પૂર્વ સાંસદ અને ભાજપના નેતા દિનુભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ તાલુકા પંચાયતના હોલમાં બજેટની મિટિંગ યોજાઈ હતી, જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને આ બજેટ પસાર કરાયું હતું. આ મિટિંગમાં તાલુકા પંચાયતના હોદ્દેદારો અને પ્રજાના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આ વિકાસલક્ષી બજેટને મંજૂરી આપવામાં આવી હતી.



તસ્વીર : કૈલાશ ભટ્ટ

આ પ્રસંગે પી.એસ. ડોડીયા, જિલ્લા પંચાયતના સભ્ય અમુભાઈ વાજા, કારોબારી ચેરમેનના પ્રતિનિધિ સુનિલભાઈ રાઠોડ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર પોલીસે તેરા તુજકો અર્પણ અંતર્ગત ૧૭ મોબાઈલ ફોન પરત કર્યા




કોડીનાર, તા.૨૭

કોડીનાર પોલીસ ટીમે ગુમ થયેલ અલગ અલગ કંપનીઓના કિંમતી મોબાઈલ ફોન નંગ-૧૭ આશરે કિં.રૂ.૩,૬૫,૫૦૮ ના શોધી કાઢી સદર મોબાઈલ ફોન જે તે સ્થિતીમાં પરત સોંપી આપી પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી. એક વર્ષ દરમિયાન કોડીનાર ટાઉન બીટ દ્વારા મોબાઈલ ફોન કુલ-૧૨૩ કુ.કિં.રૂ.૨૬,૯૪,૪૦૨૪- શોધી કાઢવામાં આવ્યા છે.

# કોડીનાર તાલુકાના માલ ગામે પાંચ સિંહના ટોળાનો આંતક

કોડીનાર, તા.૨૭

કોડીનાર તાલુકાના માલ ગામ ખાતે મંગળવારની મધ્ય રાત્રિના બાર વાગ્યા પછી પાંચ સિંહોના એક ટોળાએ ગામમાં ઘૂસીને ચાર ઢોરને માર્યા હતા પણ એક જ ઢોરનો આહાર કર્યો હતો. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં વાઈરલ થઈ છે. માલ ગામે છેલ્લા પંદર દિવસ દરમિયાન સાવજોના એક ટોળાએ ગામમાં પ્રવેશીને વીસ જેટલા ઢોરનું મારણ કર્યું છે. એટલે કે આ સિંહોનું ટોળું પંદર દિવસથી માલ ગામમાં છે. હાલ ખેતીની



સિઝન હોવાથી ખેડૂતો દિવસ-રાત વાડીના કામે દોડધામ કરી રહ્યા છે તેવા સમયે આ સાવજો ગામમાં પ્રવેશી ઢોરનું મારણ કરી રહ્યા હોવાથી ખેડૂતોમાં ભય ફેલાયો છે. જામવાળા વન વિભાગ આ સિંહોનું ટોળું માલગામથી દુર લઈ જાય તેવી માંગ ઉઠી છે.

# ઉનામાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં ભાજપના હોદ્દેદારો સાથે નવનિયુક્ત જિલ્લા પ્રમુખની પરિચય બેઠક યોજાઈ


Bandhan Bank | રીજનલ ઑફિસ: નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોન: ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબજો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી રાજુભાઈ શાંતિલાલ હિંગુ શ્રીમતી દક્ષાબેન રાજુભાઈ હિંગુ ૨૦૦૦૨૧૬૦૦૦૩૮૭ | તમામ ચલ અને અચલ સંપત્તિ, સિટી સર્વે નં. ૨૫૪૩. ફ્લેટ નં. ૧૦૪, પહેલો માળ, ૩૨.૭૦ ચોરસ મીટરનો બિલ્ટ અપ એરિયા, સાગર કોમ્પ્લેક્સ, રામજી મંદિર પાસે, મુ. તા. રાજુલા, જિ. અમરેલી – ૩૬૫૫૬૦ સ્થિત છે અને જે આવરિત છે: ઉત્તર: સીડી, પૂર્વ: લોબી, પશ્ચિમ: એ જ ફ્લેટની દિવાલ અને નીચે પાર્કિંગ રોડ, દક્ષિણ: ફ્લેટ નં. ૧૦૩ | ૧૯.૧૨.૨૦૨૪ | ૨૪.૦૩.૨૦૨૫ | રૂ.૧,૧૨,૯૫૧.૩૨ |

સ્થળ: અમરેલી
તારીખ: ૨૮/૦૩/૨૦૨૫

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


ગીર સોમનાથ,તા.૨૭

ગીર સોમનાથ જિલ્લાના નવનિયુક્ત ભાજપ પ્રમુખ ડો.સંજયભાઈ પરમાર સાથે ઉના શહેર-તાલુકા ભાજપના સંગઠનના હોદ્દેદારો, ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા આગેવાનો સાથેની પરિચય બેઠક ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની ઉપસ્થિતિમાં નગરપાલિકા ભવન ખાતે યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટીની વિચારધારા અને પરંપરા અનુસાર નવા સંગઠન પ્રમુખ તરીકે વરણી થયાં બાદ દરેક



તાલુકા તથા શહેરના હોદ્દેદારો, ચુંટાયેલા પ્રતિનિધિઓ, આગેવાનો અને કાર્યકરો સાથે બેઠક યોજાઈ હતી. આ તકે પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, જિલ્લા ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હિતેશભાઈ ઓઝા, જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી વિનોદભાઈ બાંભણીયા, તાલુકા પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, શહેર પ્રમુખ

**તાલુકા તથા શહેરના હોદ્દેદારો, ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા આગેવાનો અને કાર્યકરો સાથે બેઠક યોજાઈ**

મનીષભાઈ કારીયા, પૂર્વ શહેર પ્રમુખ મિતેશભાઈ શાહ, પૂર્વ તાલુકા પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા સહિતના હોદ્દેદારો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વના ટોપ ૧૦ ધનિકોની યાદીમાં ભારતનો એકપણ વ્યક્તિ નહી

નવીદિલ્હી,તા.૨૭

ગયા વર્ષની સરખામણીમાં દેવું વધવાને કારણે મુકેશ અંબાણીની સંપત્તિમાં ૧ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. આ કારણે તેઓ વિશ્વના ટોચના ૧૦ સૌથી ધનિક લોકોની યાદીમાંથી બહાર થઈ ગયા છે. આ માહિતી હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ ૨૦૨૫ માં આપવામાં આવી છે. આ યાદી અનુસાર, ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ છે. તેમની કુલ સંપત્તિ આશ્ચર્યજનક રીતે ૮૨% અથવા ૧૮૯ બિલિયન વધીને ૪૨૦ બિલિયન થઈ ગઈ છે. બીજી તરફ, એચસીએલની રોશની નાદર, જેમના પરિવારની કુલ સંપત્તિ ૩.૫ લાખ કરોડ રૂપિયા છે, તે વિશ્વની પાંચમી સૌથી ધનિક મહિલા બની છે. તે વિશ્વની ટોચની ૧૦ સૌથી ધનિક મહિલાઓમાં સ્થાન મેળવનાર પ્રથમ ભારતીય મહિલા છે. તેમના પિતા શિવ નાદરે તાજેતરમાં જ એચસીએલમાં ૪૭% હિસ્સો તેમને ટ્રાન્સફર કર્યો હતો.



યાદી અનુસાર, ભલે અંબાણી વિશ્વના ૧૦ સૌથી ધનિક લોકોની યાદીમાં સ્થાન મેળવવાથી ચૂકી ગયા, તેમ છતાં તેઓ હજુ પણ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ છે. યાદી અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તેના ઊર્જા અને છૂટક વ્યવસાયોમાં નબળા પ્રદર્શનનો સામનો કરી રહી હોવાથી રિલાયન્સ ગ્રુપના ચેરમેનની સંપત્તિમાં ઘટાડો થયો છે. ધીમી વેચાણ વૃદ્ધિ અને દેવા અંગે રોકાણકારોની ચિંતાઓએ જૂથની સમસ્યાઓમાં વધારો કર્યો છે. કંપની તેના ડિજિટલ પ્લેટફોર્મ, નવીનીકરણીય ઉર્જા અને છૂટક વ્યવસાયના વિસ્તરણ તરફ આગળ વધી છે, જેમાં ધીમી પ્રગતિ તેની સંપત્તિઓને અસર કરી રહી છે.

# યુપીના શાહજહાંપુરમાં ચાર બાળકોની હત્યા કર્યા બાદ પિતાએ કરી આત્મહત્યા

લખનૌ,તા.૨૭

ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ચાર બાળકોની હત્યા કર્યા બાદ પિતાએ આત્મહત્યા કરી હતી. આ ઘટના પારિવારિક વિવાદના કારણે બની હતી. ફોરેન્સિક ટીમ સહિત પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. મૃત્યુ પામેલા બાળકોમાં ૧૩, ૯ અને ૭ વર્ષની પુત્રીઓ અને ૫ વર્ષના પુત્રનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ પિતાએ પોતાના ચાર માસૂમ બાળકોનું ગળું કાપીને હત્યા




કરી હતી. આ પછી તેણે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છે. હાલ પોલીસે મૃતદેહનો કબજો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વાસ્તવમાં આ ઘટના રોઝા પોલીસ સ્ટેશન વિસ્તારના માનપુર ચાચરી ગામમાં બની હતી. કહેવામાં આવી રહ્યું છે કે તે જ ગામનો રહેવાસી રાજીવ તેના ઘરે હતો અને તેને ચાર બાળકો (ત્રણ પુત્રી અને એક પુત્ર) પણ છે. મોડી રાત્રે રાજીવે તેની ૧૩ વર્ષની પુત્રી સ્મૃતિ, ૯ વર્ષની પુત્રી કીર્તિ, ૭ વર્ષની પુત્રી પ્રગતિ અને ૫ વર્ષીય પુત્ર ઋષભનું ગળું કાપીને નિર્દયતાથી હત્યા કરી હતી. હત્યા કર્યા બાદ રાજીવે પોતે પણ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેની પત્ની તેના મામાના ઘરે ગઈ હતી અને તેના પિતા ઘરની બહાર સૂઈ રહ્યા હતા.

# વિપક્ષી નેતાઓને બોલવા દેવામાં આવી રહ્યા નથી, વિપક્ષી નેતાઓ સ્પીકરને મળ્યા

નવીદિલ્હી,તા.૨૭

વિપક્ષી પક્ષોના એક પ્રતિનિધિમંડળે લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં, વિપક્ષી પક્ષોએ લોકસભામાં વિપક્ષી નેતાઓને બોલવા ન દેવાનો આરોપ લગાવીને પોતાની નારાજગી વ્યક્ત કરી. લોકસભામાં કોંગ્રેસના નાયબ નેતા ગૌરવ ગોગોઈએ જણાવ્યું હતું કે કોંગ્રેસ, સપા, ટીએસપી, ડીએમકે, કેરળ કોંગ્રેસ, આરજેડી, આઈયુએમએલ, આરએલપી અને એમડીએમકેના સાંસદોનો સમાવેશ કરતું ભારતીય ગઠબંધન આજે શૂન્ય કાળ દરમિયાન લોકસભા સ્પીકર ઓમ બિરલાને મળ્યું હતું. ગૌરવ ગોગોઈએ કહ્યું, 'અમે લોકસભા સ્પીકરને એક પત્ર સુપરત કર્યો છે, જેમાં ઘણા પક્ષોના નેતાઓના હસ્તાક્ષર છે.' શાસક પક્ષ કેવી રીતે નિયમો અને પરંપરાઓનું ઉલ્લંઘન કરી રહ્યો છે તે અંગે અમે લોકસભા સ્પીકરને અમારી ચિંતા વ્યક્ત કરી. કોંગ્રેસના સાંસદે કહ્યું કે લોકસભા સ્પીકરે નિયમ નંબર ૩૪૯ નો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ તેમણે કઈ ઘટનાનો ઉલ્લેખ કર્યો તે સ્પષ્ટ નથી.

# ૩૦ એપ્રિલથી શરૂ થશે ચારધામ યાત્રા, આ વખતે રીલ બનાવનારાઓ માટે પ્રવેશબંધી

દહેરાદુન,તા.૨૭

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા આ વર્ષે ૩૦ એપ્રિલથી શરૂ થઈ રહી છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ આ યાત્રા પર આવે છે. આ વખતે ચારધામ યાત્રામાં કેટલાક નવા નિયમો બનાવવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર વીડિયો અને રીલ બનાવનારાઓ માટે ખાસ નિયમો છે. મંદિરની અંદર વીડિયો અને રીલ બનાવવા પર પ્રતિબંધ છે.



જો તમે આમ કરશો તો તમને દર્શન કર્યા વિના જ પાછા મોકલી દેવામાં આવશે. આ ઉપરાંત વીઆઈપી દર્શન પણ બંધ કરી દેવામાં આવ્યા છે. આ વખતે ચારધામ યાત્રા માટે ૯ લાખ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. યાત્રાને સુરક્ષિત બનાવવા માટે ઘણી વ્યવસ્થા કરવામાં આવી છે. કેદારનાથ-બદ્રીનાથ પાંડા સમાજે નિર્ણય લીધો છે કે આ વખતે યાત્રા દરમિયાન રીલ બનાવનારાઓને મંદિરમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. ગયા વર્ષે મુસાફરો દ્વારા વીડિયો બનાવવાને કારણે ઘણી જગ્યાએ સ્થિતિ બગડી હતી. કેદારનાથ ધામમાં માત્ર વીડિયો બનાવવા માટે ઢોલ વગાડવામાં આવી રહ્યા હતા. જેના કારણે પ્રકૃતિ અને ભક્તોની શાંતિ ખોરવાઈ રહી હતી. તેથી, આ વખતે વહીવટીતંત્રે કેમેરા ચલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે.

# ઓડિશામાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો, મુસાફરો માંડ બચ્યા

ભુવનેશ્વર,તા.૨૭



દેશની પ્રીમિયમ ટ્રેન વંદે ભારત એક્સપ્રેસ ફરી એકવાર પથ્થરમારો કરનારાઓના નિશાન પર આવી ગઈ છે. પથ્થરમારાની આ ઘટના ઓડિશામાં બની હતી. પુરી-રૂરકેલા વંદે ભારત એક્સપ્રેસ પર અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો હતો. ચક્રધરપુર રેલવે વિભાગના કાલુંગા રેલવે સ્ટેશન પર અસામાજિક તત્વો દ્વારા આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. પથ્થરમારાને કારણે ટ્રેનના એક ડબ્બાના કાચ તૂટી ગયા. સદનસીબે તે સમયે ત્યાં કોઈ મુસાફર નહોતો, નહીંતર મોટો અકસ્માત થઈ શક્યો હોત. મળતી માહિતી મુજબ, બપોરે લગભગ ૧૨:૪૫ વાગ્યે જ્યારે પુરી-રૂરકેલા વંદે ભારત એક્સપ્રેસ કાલુંગા રેલવે સ્ટેશન પાર કરી રહી હતી, ત્યારે કેટલાક અસામાજિક તત્વોએ ટ્રેન પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

# છેલ્લા દોઢ મહિનામાં છત્તીસગઢમાં ૩૨૫થી વધુ નક્સલીઓ માર્યા ગયા હોવાનું જણાવતા મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈ

બેંગલુરુ,તા.૨૭

છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ જણાવ્યું હતું કે છેલ્લા દોઢ મહિનામાં રાજ્યમાં ૩૨૫ થી વધુ નક્સલીઓ માર્યા ગયા છે અને ૨,૦૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે અથવા તેઓએ આત્મસમર્પણ કર્યું છે. છત્તીસગઢના મુખ્યમંત્રી અહીં રોકાણકારોની બેઠક માટે આવ્યા હતા. સાંઈએ દાવો કર્યો હતો કે, "એક છબી બનાવવામાં આવી છે કે આખું છત્તીસગઢ નક્સલવાદથી પીડિત છે, જે સાચું નથી. છત્તીસગઢનો એક નાનો વિસ્તાર, જે બસ્તર છે, નક્સલવાદની સમસ્યાથી પીડિત છે અને બાકીનું રાજ્ય આ સમસ્યાથી મુક્ત છે." "અમારી એક વર્ષ જૂની સરકાર અને અમારા સુરક્ષા દળો નક્સલી સમસ્યા સામે બહાદુરીથી લડી રહ્યા છે અને અમારું માનવું છે કે માત્ર દોઢ મહિનામાં, ૩૨૫



થી વધુ નક્સલીઓ માર્યા ગયા છે અને ૨,૦૦૦ થી વધુ નક્સલીઓની ધરપકડ કરવામાં આવી છે અથવા તેઓએ આત્મસમર્પણ કર્યું છે." સાંઈએ પત્રકારોને જણાવ્યું. "અમને વિશ્વાસ છે કે નક્સલ સમસ્યા ટૂંક સમયમાં નાબૂદ થઈ જશે," તેમણે કહ્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્યએ આત્મસમર્પણ કરનારાઓ માટે અનુકૂળ પુનર્વસન પેકેજ તૈયાર કર્યું છે. આ ઉપરાંત, નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં 'આપકા સુંદર ગાંવ' નામની એક યોજના પણ શરૂ કરવામાં આવી છે, જેના હેઠળ ત્યાં લગભગ ૩૮ સુરક્ષા કેમ્પ ખોલવામાં આવ્યા છે.

# જસ્ટિસ વર્મા કેશ કૌભાંડ સંબંધિત કેસમાં એસએચઓ સહિત ૮ પોલીસકર્મીઓના મોબાઈલ જપ્ત કરાયા

નવીદિલ્હી,તા.૨૭

જસ્ટિસ યશવંત વર્માના ઘરે ચલણી નોટો સળગાવવાના કેસમાં, દિલ્હી પોલીસે તુઘલક રોડ પોલીસ સ્ટેશનના એસએચઓ સહિત ૮ પોલીસકર્મીઓના મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. તુઘલક રોડ પોલીસ સ્ટેશનના એસએચઓ ઉમેશ મલિક, તપાસ અધિકારી હવાલદાર રૂપચંદ, સબ-ઈન્સ્પેક્ટર રજનીશ, મોબાઈલ બાઈક પેટ્રોલિંગ પર ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ સ્ટેશનના બે પોલીસકર્મીઓ અને ત્રણ પીસીઆર કર્મચારીઓના ફોન જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસકર્મીઓના મોબાઈલ ફોન જપ્ત કરીને



ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે. હકીકતમાં, હવે એ જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે આગ દરમિયાન આ પોલીસકર્મીઓ જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે તેમના મોબાઈલ ફોનમાંથી કોઈ વીડિયો બનાવવામાં આવ્યો હતો કે નહીં અને જો તે વીડિયો બનાવવામાં આવ્યો હતો, તો શું તેની સાથે કોઈ છેડછાડ કરવામાં આવી હતી. આ ઉપરાંત દિલ્હી પોલીસે આ તમામ પોલીસકર્મીઓના નિવેદનો પણ નોંધ્યા છે. તમને જણાવી દઈએ કે આગ એટલી ભીષણ હતી કે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જે રૂમમાં આગ લાગી હતી તેની દિવાલોમાં તિરાડો પડી ગઈ છે.

# બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ નરેન્દ્ર મોદીને મળવા માટે ઉત્સુક

ઢાકા,તા.૨૭

બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ જેઓ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે ઉત્સુક છે, તેમને એક ખાસ પત્ર મળ્યો છે. વડાપ્રધાન મોદીએ આ પત્ર બાંગ્લાદેશના સ્વતંત્રતા દિવસ પર લખ્યો છે. બાંગ્લાદેશ ૨૬ માર્ચે તેનો સ્વતંત્રતા દિવસ ઉજવે છે. આ દિવસ ૧૯૭૧ માં ઐતિહાસિક ક્ષણને ચિહ્નિત કરે છે જ્યારે બાંગ્લાદેશ પૂર્વ પાકિસ્તાનથી અલગ થઈ ગયું અને ભારતની સૈન્ય સહાયથી સ્વતંત્ર દેશ બન્યું. આ પત્રમાં પીએમ



મોદીએ ઈતિહાસનો ઉલ્લેખ કર્યો હતો અને ૧૯૭૧ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધની અતૂટ ભાવનાને મજબૂત ભારત-બાંગ્લાદેશ સંબંધોના પાયા તરીકે વર્ણવી હતી અને બાંગ્લાદેશને તેની સ્થાપનામાં ભારતની ભૂમિકાની સૂક્ષ્મ રીતે યાદ અપાવી હતી.

# લખનૌના અનાથાશ્રમમાં ફૂડ પોઈઝનિંગથી બે બાળકોના મોત, ૧૬ને સારવારમાં ખસેડાયા

લખનૌ,તા.૨૭

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં એક મોટી ઘટના સામે આવી છે. અહીંના માનસિક વિકલાંગ બાળકોના અનાથાશ્રમમાં ફૂડ પોઈઝનિંગનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ફૂડ પોઈઝનિંગના કારણે બે બાળકોના મોત થયા છે. આ સિવાય અનાથાશ્રમના ૧૬ બાળકો હજુ પણ હોસ્પિટલમાં છે. આ બાળકોની હાલત સામાન્ય હોવાનું કહેવાય છે. વાસ્તવમાં, અનાથાશ્રમના ફૂડ પોઈઝનિંગનો આ મામલો ૨૩ માર્ચની રાત્રે પ્રકાશમાં આવ્યો હતો. ચાર દિવસ પહેલા સંસ્થામાં ભોજન ખાધા બાદ ૨૫ જેટલા બાળકો બીમાર પડ્યા હતા. જેમાંથી ૨ બાળકોએ જીવ ગુમાવ્યો છે. મળતી માહિતી મુજબ ૧૬ બાળકો હજુ પણ હોસ્પિટલમાં છે. તમામની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. સરકારી બાલગીર નિર્માણ નિર્વાણ સંસ્થાના કર્મચારીએ પણ આ ઘટના અંગે વાત કરી છે.

# ચાર વર્ષના તણાવ બાદ ભારત-ચીન વચ્ચે માનસરોવર યાત્રા માટે સરહદ સુરક્ષા અંગે કરાર

બેઈજિંગ,તા.૨૭

ભારત અને ચીન વચ્ચે ૪ વર્ષથી ચાલી રહેલો તણાવ હવે ઘણી હદ સુધી ઓછો થઈ ગયો છે. ખાસ વાત એ છે કે બદલાતા વૈશ્વિક વાતાવરણમાં ચીન પોતે ભારત સાથેના પોતાના સંબંધોને મજબૂત બનાવવામાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં, હિન્દી-ચીની ભાઈ-ભાઈનું જૂનું સૂત્ર ફરી એકવાર જીવંત થતું દેખાય છે. ગયા વર્ષે રિયો ડી જાનેરોમાં પીએમ મોદી



અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી દ્વિપક્ષીય વાટાઘાટોથી બંને દેશો વચ્ચેના સંબંધો પરનો બરફ પીગળી ગયો છે. ઉપરાંત, આ બેઠકે હવે શાંતિ અને સુમેળભર્યા સંબંધોનો નવો પાયો નાખ્યો છે. ચીન-ભારત સરહદી બાબતો પર કન્સલ્ટેશન અને કોઓર્ડિનેશન માટે કાર્યકારી પદ્ધતિ વાટાઘાટોમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા વરિષ્ઠ ભારતીય રાજદ્વારી ગૌરાંગલાલ દાસે ચીનના સહાયક વિદેશ પ્રધાન હોંગ લીને મળ્યા અને બંને દેશો વચ્ચેના સંબંધો અને સરહદી પરિસ્થિતિ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

# ઓટોમોબાઈલ પર ૨૫% ટેરીફ લાદવાના ટ્રમ્પના નિર્ણય પર કેનેડા ગુસ્સે ભરાયુ

વોશિંગ્ટન,તા.૨૭

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકામાં આયાત થતી તમામ વિદેશી કારો પર ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ટેરિફ નિર્ણય કાયમી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા દેશમાં ન બનેલી બધી કારો પર ૨૫ ટકા ટેરિફ અસરકારક રીતે લાદશે. પરંતુ જો તમે અમેરિકામાં તમારી કારનું ઉત્પાદન કરો છો, તો તેના પર કોઈ ટેરિફ નહીં લાગે, એમ તેમણે કહ્યું. અંદાજ મુજબ, આનાથી અમેરિકા માટે લગભગ ૧૦૦ બિલિયનનો કર સંગ્રહ થશે. ટ્રમ્પના નિર્ણય પછી, કેનેડા અને યુરોપિયન કમિશન સહિત અન્ય દેશોની પ્રતિક્રિયાઓ પણ સામે આવી છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ ઓટો આયાત પર અમેરિકાના ૨૫ ટકા ટેરિફને તેમના દેશ પર સીધો હુમલો ગણાવ્યો અને કહ્યું કે તેનાથી માત્ર કેનેડા જ નહીં પરંતુ યુએસ અર્થતંત્રને




પણ નુકસાન થશે. તેમણે કહ્યું કે આ ટેરિફ યુદ્ધ ફક્ત કેનેડા માટે જ નહીં પરંતુ અમેરિકન અર્થતંત્ર માટે પણ સારું નથી. તેમણે કહ્યું કે અમેરિકન ગ્રાહક વિશ્વાસ ઘણા વર્ષોમાં તેના સૌથી નીચલા સ્તરે છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને ટ્રમ્પના તાજેતરના ટેરિફ નિર્ણય પર દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે તેની આર્થિક અસરનું મૂલ્યાંકન કરવામાં આવશે. "ટેરિફ એ કર છે - તે વ્યવસાયો માટે ખરાબ છે, ગ્રાહકો માટે પણ એટલા જ ખરાબ છે," તેમણે એક નિવેદનમાં કહ્યું કે "ઈયુ તેના આર્થિક હિતોનું રક્ષણ કરતી વખતે વાટાઘાટો દ્વારા ઉકેલ શોધવાનું ચાલુ રાખશે."

# મુંબઈમાંથી રૂ.૫૦ કરોડના મેફેડ્રોનના જથ્થા સાથે બે લોકોની કરાઈ ધરપકડ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રમાં ડ્રગ્સના દૂષણમાં વધારો થયો હોય, તેમ ફરી મેફેડ્રોનનો મસમોટો જથ્થો ઝડપાયો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ રાયગઢ જિલ્લાના મહાડ ઔદ્યોગિક ક્ષેત્રમાં એક ડ્રગ્સ લેબનો ભાંડો ફોડ્યો છે. એનસીબીની ટીમે અહીં દરોડો પાડી બે લોકો પાસેથી ૪૬.૮ કિલોગ્રામ મેફેડ્રોનનો જથ્થો જપ્ત કર્યો છે, જેથી કિંમત આશરે રૂપિયા ૫૦ કરોડ આંકવામાં આવી



છે. એનસીબીના જણાવ્યા મુજબ, તેમની ટીમે ભાંડુપ વિસ્તારના એક મકાનમાં દરોડો પાડ્યો હતો. જેમાં ટીમે શોધખોળ હાથ ધરતા મકાનમાં એક પ્લાસ્ટિકના કન્ટેનરમાં જથ્થો જોવા મળ્યો હતો, જેની તપાસ કરવામાં આવતા તે જથ્થો મેફેડ્રોન હોવાનો ખુલાસો થયો હતો. આ સાથે ૪૬.૮ કિલોગ્રામ ડ્રગ્સ સાથે બે લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછમાં આરોપીઓએ કહ્યું કે, મહાડના ઔદ્યોગિક એકમમાં આવેલી એક લેબમાં ડ્રગ્સ તૈયાર કરાયું હતું. એક અધિકારીએ કહ્યું કે, 'ઝડપાયેલા બે આરોપીઓમાંથી એક વિરુદ્ધ પહેલેથી જ બે વખત નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થ અધિનિયમ હેઠળ કેસ નોંધાયેલા છે.' એનસીબીના જણાવ્યા મુજબ, આ દરમિયાન તે જામીન પર બહાર હતો અને મેફેડ્રોન બનાવવાના સિન્ડિકેટમાં સામેલ હતો.

**આજથી રાજ્યના વિવિધ ભાગોમાં ભારે પવન ફૂંકાશે**

# અંગ દઝાડતી ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરતા અંબાલાલ પટેલ

સુરત,તા.૨૭

ઉત્તર ભારતના વિસ્તારોમાં હાલમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું છે, જેના ઠંડા પવનો ગુજરાત તરફ આવતા ગરમીમાં થોડી રાહત મળી છે. આગામી ૨૪ કલાકમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસના ઘટાડાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બીજી બાજુ ધોમધખતા તડકા વચ્ચે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ૧૦ એપ્રિલ સુધીમાં ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. આગાહી કરતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું કે, આગામી દિવસોમાં



ભારે પવનોના તોફાનો અને વિન્ડ ગસ્ટ અને લગભગ ઝડપી પવનો સાથે વરસાદ પડશે. ક્યાંક મેઘગર્જના અને ભારે વિન્ડ ગસ્ટ સાથે સમુદ્ર કિનારે ભારે પવન ફૂકાંવાની શખ્યતા રહેશે. જેમાં લગભગ ૨૮, ૨૯ અને ૩૦ માર્ચમાં ગુજરાતના વિવિધ ભાગોમાં ભારે પવનો ફૂકાશે. સામાન્ય પવન ૧૦થી ૧૫ કિમીની ઝડપે, વિન્ડ ગસ્ટ ૩૫ કિમીની ઝડપે અને દરિયાકાંઠા વિસ્તારોમાં ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા રહેશે.

# ઉમરગામના સોળસુંબા ગામે એક જ પરિવારના ત્રણ સભ્યોનો સામૂહિક આપઘાત

**સામૂહિક આપઘાતને લઈ પોલીસે તપાસ શરૂ કરી**

ઉમરગામ,તા.૨૭

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં એક પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કરી લેતા ચકચાર મચી છે. મળતી માહિતી મુજબ, ભાડાના



ફ્લેટમાં રહેતા પતિ-પત્ની અને બે વર્ષના બાળકના મૃત્યુથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોમાં ચકચાર મચી ગઈ અને તરત જ પોલીસે જાણ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે ઉમરગામ પોલીસ સાથે ડીવાયએસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયા હતા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે દંપતીએ પહેલા પોતાના માસૂમ બાળકની હત્યા કરી અને પછી પોતાનું જીવન ટૂંકાવી લીધું. હાલ પોલીસ દ્વારા સમગ્ર મામલાની તપાસ હાથ ધરવામાં આવી છે અને પરિવારના આપઘાતના કારણો અંગે તપાસ ચાલી રહી છે. આ દુઃખદ ઘટનાએ સમગ્ર ગામને ગમગીન કરી દીધું છે.

# માત્ર નેતાઓ આવે ત્યારે જ સફાઈ ન થાય તે જોજો : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

રાજકોટ, તા. ૨૭

રાજકોટને ઉનાળામાં પાણીની કોઈ ચિંતા કરવી નહીં પડે એવી પાણીદાર ખાતરી રાજય સરકાર વતી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આપી છે. તો સ્વચ્છતાની બાબતમાં પણ રાજકોટ પાટનગર બને તેવી વાત મહાપાલિકા સમક્ષ મૂકવા સાથે તેઓએ 'માત્ર નેતા આવે ત્યારે સ્વચ્છતા, પછી એમનું એમ'ના બદલે સફાઈ પર કાયમી ધ્યાન આપવા ટકોર કરી હતી. હાલ સર્વત્ર સ્વચ્છ સર્વેક્ષણ ચાલી રહ્યું છે ત્યારે રાજકોટનો રેન્ક વધુ સુધારવાની જવાબદારી પણ મુખ્યમંત્રી રાજકોટ આવીને આપતા ગયા છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગઈકાલે કટારીયા ચોકડીએ મહાનગરપાલિકાના વિવિધ વિકાસ પ્રકલ્પો પૈકી, રૂ.૫૮.૫૪ કરોડના ૪ પ્રકલ્પોના લોકાર્પણ તથા રૂ.૩૩૨.૨૬ કરોડના જુદા જુદા ૩૫ પ્રકલ્પોના ખાતમુહૂર્ત, ખાલી પડેલ કુલ ૧૮૩ આવાસો લાભાર્થીઓને ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તેમજ રૂડાના રૂ.૧૭૪.૮૩ કરોડના ૬ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

# અમરેલી જિલ્લાની ૬ સહિત રાજ્યમાં ૫૬ સરકારી પ્રા.શાળાઓ બંધ : સરકારનો સ્વીકાર

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫૬ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ થઈ ગઈ છે. આ માહિતી ખુદ રાજ્ય સરકારે વિધાનસભામાં રજૂ કરી છે. સરકારે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને કારણે આ શાળાઓ બંધ કરવી પડી છે. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો હતો કે છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી સરકારી શાળાઓ બંધ થઈ છે અને તેનાં કારણો શું છે. જેના જવાબમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે અમરેલીમાં ૬, અરવલ્લીમાં ૭, ભાવનગરમાં ૧, છોટા ઉદેપુરમાં ૩, ડાંગમાં ૧, દેવભૂમિ દ્વારકામાં ૯, ગીર સોમનાથમાં ૧, જામનગરમાં ૨, જૂનાગઢમાં ૪, ખેડામાં ૨, કચ્છમાં ૩, મહેસાણામાં ૧, નવસારીમાં ૨, પંચમહાલમાં ૧, પોરબંદરમાં ૬, રાજકોટમાં ૩, સુરતમાં ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ સરકારી પ્રાથમિક શાળા બંધ કરવામાં આવી છે. સરકારે આ શાળાઓ બંધ થવાનું મુખ્ય કારણ વિદ્યાર્થીઓની ઓછી સંખ્યા અથવા શૂન્ય સંખ્યા ગણાવી છે. ઘણા વિસ્તારોમાં વિદ્યાર્થીઓની સંખ્યા એટલી ઓછી થઈ ગઈ હતી કે શાળા ચલાવવી આર્થિક રીતે પોસાય તેમ નહોતું. જેના કારણે સરકારને આ શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો. સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા હંમેશાં ચર્ચાનો વિષય રહી છે. એવું માનવામાં આવે છે કે ખાનગી શાળાઓની સરખામણીમાં સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર નીચું હોય છે. આ જ કારણ છે કે આર્થિક રીતે નબળા વાલીઓ પણ દેવું કરીને પોતાના બાળકોને ખાનગી શાળામાં ભણાવવાનું પસંદ કરે છે.

# ઉનાળાની શરૂઆતમાં જ રાજ્યના ૬૩ જળાશયોમાં ૩૦ ટકાથી ઓછુ પાણી

રાજકોટ,તા.૨૭



આકરી ગરમી સાથે ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે ઉનાળામાં સૌથી મોટી સમસ્યા હોય તો તે છે પાણીની. ગત ચોમાસાની સિઝનમાં સમગ્ર ગુજરાતમાં વરસાદ પણ સારો પડયો હતો અને તમામ જળાશયો ઓવરફ્લો થઈ ગયા હતા. પરંતુ હાલ ગુજરાતના ૬૩ જળાશયો એવા છે કે જેમાં ૩૦ ટકાથી પણ ઓછું જળસ્તર છે. તેમાંય ૨૦ જળાશયમાં જળસ્તર ૧૦ ટકાથી પણ નીચે જતું રહ્યું છે. જળસ્તરના આ આંકડાથી મધ્ય ઉનાળામાં જ ગુજરાતના અનેક ગામડાંઓમાં પાણીની અછત ઊભી કરે તેવી ભીતિ સર્જાઇ છે.

# બાળકોને ડિગ્રીની સાથે વિવેકી અને વ્યસનમુક્ત બનાવો : ક્ષિક્ષણમંત્રી પાનશેરીયા

અમદાવાદ,તા.૨૭

અમદાવાદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરિયાએ હાલના સમયમાં વાલીઓ દ્વારા બાળકોને અભ્યાસ બાબતે કરાતા પ્રેશરને લઈ ચોંકાવનારું નિવેદન કર્યુ છે. પાનશેરિયાએ કહ્યું હતું કે બાળકને ટકા લાવવા માટે પ્રેશર કરીને વાલીઓ તેના દુશ્મન બની રહ્યાં છે. બાળકને શિક્ષણ આપી ડોક્ટર કે એન્જિનિયર નહીં, પણ એ સંસ્કારી, વિવેકી અને વ્યસનમુક્ત બને એ જરૂરી છે. આ ઉપરાંત મારફાડવાળી વીડિયો ગેમની બાળકોના માનસ પર પડતી નેગેટિવ અસરને લઈ ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે બાળકો દ્વારા થતા મોબાઈલના અને સોશિયલ મીડિયાના ઉપયોગ બાબતે સરકાર બૌદ્ધિકો સાથે ચર્ચા કરી રહી છે, એને લઈ SOP તૈયાર કરવામાં આવશે. શિક્ષણમંત્રી પ્રફુલ



પાનશેરિયાએ જણાવ્યું હતું કે મોબાઈલનું દૂષણ અમરેલીમાં બનેલી ઘટના એકમાત્ર સેમ્પલ છે. બાળકો મોબાઈલને કારણે ડેન્જર વસ્તુઓના પ્રયોગ કરે છે. બ્લેડથી શરીર પર ઘા મારે છે. વીડિયો ગેમમાં જેમ મારફાડ કરવામાં આવે છે એ જોઈને બાળકો પણ હિંસાત્મક પ્રવૃત્તિ કરે છે. બાળકોને રોકવા માટે છેલ્લા ત્રણ-ચાર મહિનાથી સીએમ નિષ્ણાતો સાથે સંવાદ કરી રહ્યા છે. આ અંગેની માર્ગદર્શિકા પણ બનાવવામાં આવશે, જે ટૂંક સમયમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવશે.

# દ્વારકાધીશની ટીપ્પણીને લઈ સુરતમાં આહીર સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન

**દ્વારકા આવીને માફી નહી માંગે તો સભા કરવાની ચીમકી**

સુરત,તા.૨૭

દ્વારકાધીશ શ્રીકૃષ્ણ અંગે સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામી નીલકંઠ ચરણદાસજી દ્વારા કરાયેલી ટિપ્પણીને લઈને આહીર સમાજમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે, જેને લઈ પુણા ગામ



ખાતે આહીર સમાજના આગેવાનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જ્યારે આહીર સમાજ ગુજરાત પ્રમુખ અગ્રણીએ નીલકંઠ સ્વામીની વિચારધારાને અધાર્મિક અને રાક્ષસી ગણાવી હતી, સાથે દ્વારકામાં આવી સ્વામી માફી માગે, નહીં તો દ્વારકામાં સભા કરવાનું અલ્ટીમેટમ આપ્યું છે. તો બીજી બાજું દ્વારકાધીશના દર્શન કરવા ગયેલા દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક અને રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ પણ નિવેદન આપ્યું છે. પબુભાએ કહ્યું કે દ્વારકાધીશ વિરુદ્ધ બોલનારના દિવસો ભરાઈ ગયા, તો પરિમલ નથવાણીએ કહ્યું કે દ્વારકાધીશ હાજરાહજૂર, તેમના જેટલું કોઈનું સ્થાન નથી.

# ગાંધીનગરમાં વ્યાયામ શિક્ષકોએ કસરત કરી અનોખો વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ૫૦૦થી વધુ વ્યાયામ વીરો ૧૧ મહિનાના કરાર આધારીત ખેલ સહાયકની ભરતી બંધ કરવા અને કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માગ સાથે આંદોલન કરી રહ્યા છે. ગાંધીનગર ખાતે વ્યાયામ વીરો શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવી રહ્યાં છે, ત્યારે બુધવારે (૨૬ માર્ચ, ૨૦૨૫) વ્યાયામ શિક્ષકોએ વિધાનસભા તરફ આગેકૂચ કરતાં પોલીસ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે ગુરુવારે (૨૭



માર્ચ, ૨૦૨૫) વ્યાયામ વીરોએ PTના દાવ કરીને વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ખેલ સહાયકો 'કરાર પ્રથા બંધ કરો, વ્યાયામ શિક્ષકોની ભરતી કરો, હમારી માગે પૂરી કરો...'ના નારા લગાવીને કસરત અને PTના દાવ કરતાં જોવા મળ્યા હતા.

# સુરત શહેરમાં સ્પાની આડમાં દેહવ્યાપારનો પર્દાફાશ કરતી પોલીસ

સુરત,તા.૨૭

સુરત શહેરમાં દેહવ્યાપારના ગેરકાયદેસર ધંધાને અટકાવવા માટે પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. એ સંદર્ભે, મહિધરપુરા વિસ્તારમાં બરાનપુરી, શાકભાજી માર્કેટ નજીક ભરત નિવાસ બિલ્ડિંગ ખાતે ચાલતા એક સ્પામાં દેહવ્યાપાર ચાલી રહ્યો હોવાની બાતમી મળતા મહિધરપુરા પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.



મહિધરપુરા પોલીસ ઈન્સ્પેક્ટર યુ.જે. જોષીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ અને મહિલા પોલીસની ટૂકડીએ સ્થળ પર દરોડો પાડ્યો હતો. બાતમી મળી હતી કે, અહીં સ્પાના નામ હેઠળ મહિલાઓ પાસે દેહવ્યાપારનો ગેરકાયદેસર ધંધો કરાવવામાં આવી રહ્યો છે, જ્યાં ગ્રાહકો પાસેથી રૂપિયા લઈ તેમને શરીરસુખ માણવાની સવલતો પૂરી પાડવામાં આવતી હતી.











